આજનો સુવિચાર

જે વ્યકિત એકાંતમાં તમારો દોષ બતાવે,તે તમારો સાચો મિત્ર છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૬૧ જૂનાગઢ તા.૨૦-૦૬-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 161, Junagadh : Date : 20 Jun, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# તમિલનાડુમાં લઠ્ઠાકાંડ : ૩૪નાં મોત - ૬૦ ગંભીર

ચેન્નાઈ તા. ૨૦

તમિલનાડુના કલ્લાકુરિચીમાં ઝેરી દારૂ પીવાથી ૩૪ લોકોના મોત થયા છે. ૬૦થી વધુ વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલે પોલીસે એક વ્યક્તિ કે કન્નુકુટ્ટી (૪૯)ની ધરપકડ કરવામાં આવી છે. તેની પાસેથી આશરે ૨૦૦ લીટર ઝેરી દારૂ મળી આવ્યો છે. તેમાં મિથેનોલ ભેળવવામાં આવેલું હતું.

૧૮ જૂને કલ્લાકુરિચી જિલ્લાના કરુણાપુરમમાં બનેલી ઘટનાનો ભોગ બનેલા મોટાભાગના લોકો મજૂર હતા. દારૂ પીધા બાદ રાત્રે આ લોકોને ઝાડા, ઉલ્ટી, પેટમાં દુખાવો અને આંખોમાં બળતરા થવા લાગી હતી. પોલીસે આ કેસમાં એક વ્યક્તિ કે કન્નુકુટ્ટી (૪૯)ની ધરપકડ કરી છે. તેની પાસેથી આશરે ૨૦૦ લીટર ઝેરી દારૂ, જેમાં મિથેનોલ ભેળવવામાં આવ્યો છે, મળી આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર મૃત્યુ પામેલા લોકોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચું કારણ બહાર આવશે. આ ઘટના બાદ રાજ્ય સરકારે કલ્લાકુરિચીના કલેક્ટર-એસપીને હટાવી દીધા છે. તેમના સ્થાને એમએસ પ્રશાંતને કલેકટર અને રજત ચતુર્વેદીને એસપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

કલ્લાકુરિચીમાં ઝેરી દારૂ પીવાથી લોકોના મોતના સમાચાર સાંભળીને હું આઘાત અને દુઃખી છું. આ કેસમાં ગુનામાં સંડોવાયેલા લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેને રોકવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે.

૨૦થી વધુ લોકોને કલ્લાકુરિચી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૧૮ લોકોને પુડુચેરી ત્નૈંસ્ઈઇ અને ૬ લોકોને સાલેમ રિફર કરવામાં આવ્યા હતા. કલ્લાકુરિચીમાં ૧૨ એમ્બ્યુલન્સ તૈનાત છે. પોલીસના જણાવ્યા અનુસાર મૃતકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું સાચું કારણ બહાર આવશે.

## આવતીકાલે વડાપ્રધાન દાલ લેક ખાતે યોગ કરશે

નવી દિલ્હી, તા.૨૦: વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૦ અને ૨૧ જૂને જમ્મુ-કાશ્મીરની બે દિવસીય મુલાકાતે છે. મોદી જમ્મુ - કાશ્મીરના શ્રીનગરમાં દાલ સરોવરના કિનારે ૨૧ જૂને આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરશે.શ્રીનગરનાં શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત યોગ સત્રમાં હજારો લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે. વાડપ્રધાન મોદી આ યોગ સત્રનું નેતૃત્વ કરશે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ : સ્વ અને સમાજ માટે યોગઁ છે, જે વ્યકિતગત અને સામાજિક સુખાકારીને પ્રોત્સાહન આપવામાં યોગની ભૂમિકા પર પ્રકાશ પાડે છે. વડાપ્રધાનના આગમનને લઈને શ્રીનગરમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

## નીટની પરીક્ષામાં ગેરરીતિ મામલે આવતીકાલથી કોંગ્રેસનું દેશવ્યાપી આંદોલન : સરકાર ભીંસમાં : અમિત શાહે તત્કાલ બેઠક બોલાવી

નવી દિલ્હી તા.૨૦

મેડીકલમાં પ્રવેશ માટેની નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિ મામલે કાનૂની જંગ વચ્ચે ઉશ્કેરાટ પણ વધી રહ્યો છે. હવે કોંગ્રેસ જેવા વિપક્ષોએ આવતીકાલે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાનુ જાહેર કર્યુ છે ત્યારે હવે કેન્દ્ર સરકાર એલર્ટ થઈ છે. અમીત શાહે આજે શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન તથા આરોગ્યમંત્રી જે.પી.નડ્ડા સાથે બેઠક યોજી છે.

યુજીસી-નીટની ૧૮ જૂને લેવાયેલી પરીક્ષા ૨૬ કરીને સીબીઆઈ તપાસ યોજનાનુ જાહેર કરી દેવામાં આવ્યુ જ છે. ત્યારે યુજી-નીટ પરીક્ષા મામલે પણ આવો નિર્ણય થવાની અટકળો વ્યક્ત થવા લાગી છે. પેપરલીક-ગોટાળાના આક્ષેપ સાથે વિદ્યાર્થીએ સીબીઆઈ તપાસની માંગ કરી જ રહ્યા છે.

સમગ્ર મામલે શ્રેણીબદ્ધ અરજીઓ પર ૮ જુલાઈએ સુપ્રિમ કોર્ટમાં સુનાવણી થનાર છે. નીટ-યુજીની પરીક્ષા વિશેના કાનૂની જંગ વચ્ચે કેન્દ્ર સરકાર વધુ ગંભીર હોય તેમ આજે કેન્દ્રીય ગૃહપ્રધાન અમીત શાહે શિક્ષણ મંત્રી તથા આરોગ્યપ્રધાન સાથે બેઠક રાખી છે તેમાં વડાપ્રધાન કાર્યાલયના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા છે.

નીટની પરીક્ષા લેનાર નેશનલ ટેસ્ટીંગ એજન્સી સહિતની એજન્સીઓના રીપોર્ટની વિગતો મેળવી હતી અને પેપરલીક જેવી ગેરરીતિના આક્ષેપો વિશે ચર્ચા થઈ હતી. બિહાર-ગુજરાતમાં દાખલ થયેલા કેસ અને તપાસ રિપોર્ટની પણ ચર્ચા થઈ હતી. બિહાર પોલીસ પેપરલીકના આ ક્ષેત્રની તપાસ કરી રહી છે. પેપરલીકની દ્રઢ આશંકા દર્શાવી જ છે.

## રાજકોટ અગ્નીકાંડ મામલે સીટ આજે રીપોર્ટ સુપ્રત કરશે



ગાંધીનગર, તા. ૨૦

રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નીકાંડમાં ગત તા. ૨૫ મેના રોજ લાગેલી ભીષણ આગ અને ૨૭ લોકોના મૃત્યુની ઘટના અંગે ઉચ્ચ કક્ષાએથી તપાસના દૌર ચાલી રહ્યા છે ત્યારે આ બનાવ બાદ રચાયેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)નો અંતિમ રીપોર્ટ આજે સરકારને કમીટી સુપ્રત કરી દેવાની છે. તો આ બાદ બનાવવામાં આવેલી ત્રણ આઈએએસ ઓફિસરની હાઈપાવર કમીટી સરકારને ૩૦ જુન સુધીમાં રીપોર્ટ આપનાર છે.

સમગ્ર અગ્નિકાંડ માટે કોની સૌથી મોટી જવાબદારી છે તેનો ઉલ્લેખ આજના રીપોર્ટમાં હોવાનું માનવામાં આવે છે. આ રીપોર્ટ હાઈકોર્ટમાં પણ રજૂ કરવાનો હોય, અહેવાલ બાદ વધુ કડાકાભડાકા થવાની શકયતા નકારી શકાતી નથી.

રાજકોટ ગેમઝોન-અગ્નિકાંડ પ્રકરણમાં સમગ્ર ઘટનાની તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરાઈ હતી. જેના પ્રાથમિક રિપોર્ટના આધારે રાજય સરકારે કેટલાક અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા રાજકોટ પોલીસ કમિશ્નર તથા મ્યુનિસિપલ કમિશ્નરની તાકીદે બદલીના હુકમો કર્યા હતા. હવે આ સીટનો અંતિમ સંપૂર્ણ રીપોર્ટ આજે ગુરૂવારે રાજય સરકારને સુપ્રત કર્યા જેને રાજય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રજુ કરાશે. રાજય સરકારે સીટની રચના ઉપરાંત પણ ૩ આઈએએસ ઓફિસરોને સામેલ કરતી હાઈપાવર કમીટીની પણ રચના કરી છે.

જેનો રીપોર્ટ સરકારને ૩૦મી જુને પ્રાપ્ત થશે. રાજય સરકાર આ બંને રિપોર્ટસનો અભ્યાસ કર્યા બાદ ઝડપથી આ અગ્નિકાંડ માટેના તમામ જવાબદારો સામે પગલા ભરશે.

## રક્ષાબંધન બાદ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થવાની શકયતા

જમ્મુ,તા. ૨૦: જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવ્યા બાદ પ્રથમ વખત વિધાનસભા ચૂંટણી યોજવા માટે તૈયારીઓ તેજ થઈ ગઈ છે. રક્ષાબંધન પછી ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. સૂચિત વિધાનસભા ચૂંટણી પાંચ તબક્કામાં કરાવવાની યોજના છે. ૨૪ જૂનથી નવી દિલ્હીમાં રાજયના માસ્ટર ટ્રેનર્સની ત્રણ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

છેલ્લે નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૪માં જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી. જયારે ૨૦૧૫માં પીડીપી-ભાજપ ગઠબંધનની સરકાર બની હતી, પરંતુ ભાજપ દ્વારા સમર્થન પાછું ખેંચવાને કારણે સરકાર જૂન ૨૦૧૮માં પડી ગઈ હતી. ત્યારથી જમ્મુ-કાશ્મીરમાં કોઈ ચૂંટાયેલી સરકાર નથી.

### સાંસદ રાજેશ ચુડાસમાનાં ધમકીભર્યા નિવેદનથી ખળભળાટ

## "ભાજપ હિસાબ કરે કે ન કરે, મને જે પાંચ વર્ષ નડયા છે તેમને મુકવાનો નથી"



જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ લોકસભા બેઠક પરથી સતત ત્રીજી ટર્મ માટે ચુંટાયેલા રાજેશભાઈ ચુડાસમાએ પ્રાંચી ખાતે યોજાયેલા અભિવાદન કાર્યક્રમાં વિરોધીઓને ખુલ્લી ધમકી આપતા ખળભળાટ મચી ગયો છે. રાજેશ ચુડાસમાએ જાહેર મંચ પરથી કહ્યું કે, "પાંચ વર્ષ મને જે નડ્યા છે એમને મુકવાનો નથી. ભાજપ હિસાબ કરે કે ન કરે હું મુકવાનો નથી." રાજેશ ચૂડાસમાએ તેમના રાજનૈતિક વિરોધીઓ માટે જે ભાષાનો પ્રયોગ કર્યો છે તેને લઈને ભારે ચકચાર મચી ગઈ છે. જાહેર મંચ પરથી તેમણે વિરોધીઓને જોઈ લેવાની ખુલ્લી ધમકી આપી છે. પ્રાચી ખાતે ધારાસભ્ય ભગવાન બારડ દ્વારા આયોજિત અભિવાદન કાર્યક્રમમાં રાજેશ ચુડાસમાએ ધમકીભર્યુ નિવેદન આપ્યું છે. તેમણે વિરોધીઓ પર નિશાન તાકતા કહ્યું કે, પાંચ વર્ષ જે લોકો મને નડ્યા છે તેમને હું છોડવાનો નથી, પાર્ટી તેમની સામે કાર્યવાહી કરે કે ન કરે પરંતુ હું તેમને છોડવાનો નથી. મારા ખાલી પત્રાથી જિલ્લાઓમાં બદલીઓ થઈ જાય છે. જૂનાગઢ બેઠક ઉપરથી ભાજપ દ્વારા લોકસભાના ઉમેદવાર તરીકે રાજેશ ચુડાસમાની જાહેરાત કરાતા જ ભાજપમાં આંતરિક વિરોધ થયો હતો. રાજેશ ચુડાસમાનો વિરોધ કરવા માટે જુનાગઢ ભાજપના એક અગ્રણીએ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલને એક પત્ર લખ્યો હતો. તેમણે આ પત્રમાં ગીર-સોમનાથ સંસદીય વિસ્તારના ઉમેદવાર રાજેશ ચુડાસમાને બદલવા અંગે રજુઆત પણ કરી હતી. વેરાવળના ડો અતુલ ચગ આપઘાત પ્રકરણમાં પણ રાજેશ ચુડાસમાનું નામ જોડાયું હતુ, જેથી તેમને ઉમેદવાર તરીકે બદલવા માંગ ઉઠી હતી.

## જનતાનો સાંસદને સવાલ : જૂનાગઢ શહેર - જીલ્લાનો વિકાસ કયારે થશે ?

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢનાં સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ તેમના વિરોધીઓનો હિસાબ કરવાનું નિવેદન તો આપી દીધું છે પરંતુ જૂનાગઢની જનતા પણ સવાલ પુછી રહી છે કે, જૂનાગઢ જીલ્લાનો વિકાસ કયારે થશે ? જૂનાગઢ શહેર - જીલ્લાનાં અનેક પ્રાણ પ્રશ્નો હવામાં લટકેલા છે ત્યારે સાંસદ આ પ્રશ્નોનાં ઉકેલ માટે તેમની આ ત્રીજી ટર્મમાં કેવી કાર્યવાહી કરશે તે અંગે લોકોમાં અનેક સવાલો થઈ રહયા છે. ત્રીજી ટર્મમાં રાજેભાઈ ચુડાસમા જૂનાગઢની જનતાનું કેટલું ભલી કરી શકે છે તે જોવું રહયું.

સી. સી. પડદાવાળા

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

તાત્કાલીક માણસો જોઈએ છે

ઈઝરાયેલ માટે : કારપેન્ટર, મેશન, ઈલેકટ્રીશ્યન, ટાઈલ્ઝ મેશન, પ્લમ્બર (PCC) જરૂરી છે.
માલ્ટા માટે : હોટલ માટે ડ્રાઈવર
દુબઈ : ઓફીસ બોય, સેસમેન, ફેકટ્રી હેલ્પર
કુવૈત : ડ્રાઈવર, સોપીંગ મોલ, મેશન, કારપેન્ટર, પ્લબ્મર, સ્ટી ફિકચર

પાસપોર્ટ અને PCC ધરાવતા લોકોએ કોન્ટેકટ કરવો / ઉંમર : ૨૨ થી ૪૫
: કોન્ટેક :
૯૩૨૮૧ ૭૨૧૮૦ / ૬૩૫૪૯ ૬૯૭૨૯
વિઝા ટીકીટ આવે ત્યારે પેમેન્ટ

લોક લાગણીને માન આપીને
બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી
સ્ટોક કલીયર કરવા સબબ દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ સેલમાં ૫૦% વળતર રાખેલ છે
આલ્ફા સ્કૂલ, કાલરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં
પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફકત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

લોન... લોન... લોન... લોન...

પર્સનલ લોન
(૧ લાખથી ૧ કરોડ સુધી)

સરકારી કર્મચારી, ડોકટર, શિક્ષક, પ્રાવેટ લીમીટેડ તથા લીમીટેડ કંપનીમાં કામ કરતા કર્મચારીઓ માટે

● જેમનો નેટ પગાર રૂા. ૩૫૦૦૦/-થી વધારે હોવો જોઈએ
● ૬ વર્ષ સુધીનાં સરળ માસિક હપ્તા
● ટોટલ અન સિક્યોર લોન
● કોઈપણ સિક્યોરીટી તથા જામીનની જરૂર નથી
● વાર્ષિક કપાત વ્યાજ દર
● જોબ સ્ટેબલીટી ઓછામાં ઓછી ૨ વર્ષ હોવી જરૂરી
● પગાર બેંકમાં જમા થતો હોવો જોઈએ
● જો કોઈ બેંકની લોન ચાલુ હશે તો તેને બંધ કરી વધુ લોન આપવામાં આવશે.

કોન્ટેકટ : ૯૯૭૮૯ ૭૯૨૬૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જાયાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



SHALBY
MULTI-SPECIALTY HOSPITALS

શેલ્બી હૉસ્પિટલ, અમદાવાદ અને
અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના ના સુપ્રિમો
શ્રી ગીરીશભાઈ કોટેચા ના માર્ગદર્શન હેઠળ
નિઃશુલ્ક સ્વાસ્થ્ય નિદાન કેમ્પ
સ્વ. (શ્રી જયેશભાઈ વાઘેલાના સ્મણાર્થે વિશેષ આયોજન)

22.06.2024, શનિવાર | સવારે 10.00 થી બપોરે 2.00 સુધી

સ્થળ : શ્યામવાડી, દાતાર રોડ, જૂનાગઢ.

કેમ્પમાં વિશ્વ વિખ્યાત જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ડૉ. વિક્રમ શાહ ની ટીમમાંથી ઉપસ્થિત રહેનાર ડૉક્ટર્સ

ડૉ. આશિષ શેઠ – સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન | ડૉ. રવિ ઢોલરીયા – જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન | ડૉ. અજીત ગોહિલ – એસોસિએટ આર્થ્રોપ્લાસ્ટી

ડૉ. નિશિત પટેલ – સ્પાઈન સર્જન (કમર અને કરોડરજ્જુ) | ડૉ. અનીશ નાગપાલ – પેટ અને મેદસ્વીતાના સર્જન | ડૉ. કોષા પટેલ – નેફ્રોલોજિસ્ટ (કિડની રોગ નિષ્ણાત) | ડૉ. રિદ્ધિ પટેલ દવે – ન્યુરો ફિઝિશિયન (મગજના રોગોના નિષ્ણાત) | ડૉ. મીતાંશુ શર્મા – મેડિકલ ઓન્કોલોજીસ્ટ (કેન્સર) નિષ્ણાત

વધુ માહિતી માટે સંપર્ક
દીપલ રૂપારેલિયા - 9265182669 | જનક તિલાવત - 9537343472 | યતીન કારિયા - 7016990910
દિવ્યેશ વિઠલાણી - 9723971595 | પંકજ પલાણ - 94269 89633 | ગીરીશ ભાઈ આડતિયા - 94272 29394 (રઘુવીર સેના જિલ્લા પ્રમુખ)

(સૌજન્ય - આઈ.સી.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ)
મીડિયા પાર્ટનર કેસરી ન્યૂઝ
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : 63579 58976, 706 9001 001
શેલ્બી હૉસ્પિટલ, એસ.જી : કર્ણાવતી કલબની સામે, એસ.જી. હાઈ-વે, અમદાવાદ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



C M Y K

# જૂનાગઢમાં મહારાજ ફિલ્મ સામે પૂ.ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રરાય મહોદય (રવિબાવા)ની આગેવાનીમાં કલેકટરને આવેદન







(નિલેશ નથવાણી દ્વારા)

જુનાગઢ, તા.૨૦

જુનાગઢમાં મહારાજ ફિલ્મ સામે પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રરાય મહોદય (રવિબાવા) ની આગેવાનીમાં જુનાગઢમાં વૈષ્ણવ સમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.આવેદન પત્રમાં વધુમાં જણાવ્યું છે કે, મહારાજ ફિલ્મ,પ્રસારિત થવા જઈ રહેલ છે અને વૈષ્ણવ સંપ્રદાયના ધર્મગુરૂને વિલન બનાવવાની માનસિકતાથી બનાવી લાગણી દુભાવી છે.એક હિન્દુ ધર્મ અને તેના સમાવિષ્ટ વૈષ્ણવ સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય તેમજ સનાતન હિન્દુ ધર્મના આચાર્યો, ગુરૂ, સંતો, મહંતોનું પાત્ર દર્શાવીને સનાતન હિન્દુ ધર્મમાં ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાય સમાજની લાગણીઓને ઠેસ પહોચાડી છે. આ ફિલ્મ યુવા પેઢીને વૈદિક સનાતન હિન્દુ ધર્મ તરફ ગેરમાર્ગે લઈ જવાનો પ્રયાસ છે. આ ફિલ્મમાં ભગવાન શ્રીકળષ્ણ ઉપર પણ અભદ્ર ટિપ્પણી કરવામાં આવી છે.

આ ફિલ્મ ૧૫૦ વર્ષ પહેલાના કોર્ટ કેસ પર આધારિત છે અને તે સમયે અંગ્રજોનું શાસન હતું. તેઓ હિન્દુ સમાજને તોડવા માંગતા હતા. ત્યારે ૧૫૦ વર્ષ પછી કેસ દ્વારા હિન્દુ ધર્મનું અપમાન કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે આગામી દિવસમાં TV ચેનલ “NETFLIX” ઉપર સિદ્ધાર્થ પી. મલ્હોત્રા દ્વારા નિર્દેશિત અને યશ રાજ ફિલ્મ (YRF) એન્ટરટેઈનમેન્ટ હેઠળ આદિત્ય ચોપડા દ્વારા નિર્મિત “MAHARAJ” (મહારાજ) ફિલ્મ રલીઝ થનાર છે. આ ફિલ્મ સનાતન હિંદુ ધર્મની લાગણીને ઠેસ પહોંચાડી તેમજ યુવા પેઢીને હિંદુ ધર્મથી ગેરમાર્ગે લઈ જવાનો અશોભનીય પ્રયત્ન છે. હિન્દુ સનાતન ધર્મ ની આલોચના કરવામાં આવી તે બાબત ને લઈને મહારાજ ફિલ્મ કોઈ પણ પ્લેટ ફોર્મ પર રિલીઝ ન થવી જોઈએ તેવી માંગ કરી છે. વૈષ્ણવ સમાજમાં સારી લોક ચાહના ધરાવતા વૈષ્ણવ અગ્રણી પ્રતિષ્ઠીત વેપારી પરાગભાઈ રાયચુરા, વૈષ્ણવ અગ્રણી બિલ્ડર, ગૌરવભાઈ રૂપારેલીયા, વૈષ્ણવ અગ્રણી અજીતભાઈ, અગ્રણી વેપારી ભાવેશ ભાઈ વિઠલાણી, વૈષ્ણવ અગ્રણી વિનુભાઈ કંટારીયા, શશીભાઈ રૂપારેલીયા વિશાળ સંખ્યામાં વૈષ્ણવ સમુદાયે હાજરી આપી હતી. આ ફિલ્મ સામે જુનાગઢના શ્રી ગોકુલેશ પુષ્ટી વિદ્યાધામ તથા પરીતોષ એમ. ગૌસ્વામીએ પણ આવેદનપત્ર પાઠવ્યું હતું.

## જૂનાગઢ પેરોલ ફર્લો સ્કવોર્ડે ભરણ-પોષણના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપ્યો



જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લા તેમજ બહારના જિલ્લાના તેમજ બહારના રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનના ગુન્હાના કામે નાસતા-ફરતા/પકડવાના બાકી આરોપીઓ તથા પેરોલ ફર્લો/જેલ ફરારી આરોપીઓને શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના કરવામાં આવેલ હોય. જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ જે.જે.પટેલ તથા પેરોલ ર્લો સ્કવોડના પો.સબ.ઈન્સ.વાય.પી.હડિયાની સુચના મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પો.સ્ટાફના માણસો હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનીકલ સોર્સના માધ્યમથી સતત પ્રયત્નશીલ હોય.દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડ જૂનાગઢની ટીમના એ.એસ.આઈ ઉમેશચંદ્ર મહેશચંદ્ર વેગડા તથા પો.કોન્સ. દિનેશભાઈ છૈયા તથા પ્રવીણભાઈ મોરી નાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે, જૂનાગઢ જિલ્લાના સી.આર.પી.સી કલમ ૧૨૫ મુજબ ભરણ પૌષણના ગુન્હાના કામનો આરોપી દિપકભાઈ નાગાભાઈ ભરડા જાતે કોળી ઉ.વ. ૪૦ ધંધો-મજુરીકામ રહે. ખીરસરા ગામ તાઃ-કેશોદ જી. જૂનાગઢ વાળો છેલ્લા એક માસથી ઉપરોક્ત ગુન્હાના કામે પોલીસની પકડથી નાસતો ફરતો હોય.જે આરોપી હાલ તેના રહેણાક મકાને હોય તેવી બાતમી હકિકત મળેલ હોય જે હકિકત આધારે બાતમી વાળી જગ્યાએ જઈ તપાસ કરતા મજકુર ઈસમ તેના રહેણાક મકાને હાજર મળી આવેલ આરોપીનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ દિપકભાઈ નાગાભાઈ ભરડા જાતે કોળી ઉ.વ. ૪૦ ધંધો-મજુરીકામ રહે. ખીરસરા ગામ તાઃ-કેશોદ જી. જૂનાગઢ વાળો જણાવતો હોય અને આરોપી રાજકોટ મધ્યસ્થ જેલનો ફરાર કેદી હોવાની કબુલાત આપતો હોય તેથી આરોપીને હસ્તગત કરી રાજકોટ મધ્યસ્થ જેલને સોપવામા આવેલ.

## જૂનાગઢ જીલ્લાના રેશનકાર્ડ ધારકોને ચાલુ મહિને તુવેર દાળ, નમકનો જથ્થો નહી મળે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ જીલ્લાના રેશનકાર્ડ ધારકોને આ મહિને તુવેર દાળ, નમકના જથ્થો નહી મળે તેમજ ચણાની જરૂરીયાતની સામે માત્ર ૪૦ ટકા જેટલો જથ્થો અપાયો છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગરીબી રેખા હેઠળ રહેતા પરિવારોને રાશનનું વિતરણ કરવામાં આવે છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા અપાતો નિઃશુલ્ક ચોખા અને ઘઉનો જથ્થો સસ્તા અનાજના વિક્રેતાઓને ફાળવણી કરવામાં આવી છે. પરંતુ પરમીટ લઈને નાણા ભરીને લેવાતા મીઠું અને તુવેર દાળના જથ્થાનું વિતરણ નહી કરવામાં આવતા સસ્તા અનાજના વિક્રેતાઓ આ મહિને કમિશનથી વંચિત રહેશે. જયારે ચણાનો પણ આશરે માત્ર ૪૦ ટકા જેટલો ગોડાઉનમાં પડેલો સ્ટોકની ફાળવણી કરવામાં આવી છે. સામાન્ય રીતે સસ્તા અનાજના વેપારીઓ માલનો જથ્થો ફાળવે તે પહેલા જ પરમીટ મુજબના જથ્થાના નાણા ભરપાઈ કરવાના થતા હોય છે. પરંતુ સરકારે ગત મહિને તુવેર દાળનો માત્ર ૪૦ ટકા જ જથ્થો આપવામાં આવ્યો હતો. સરકાર દ્વારા આ મહિનાથી તુવેર દાળ અને મીઠાના જથ્થાનું વિતરણ કરવામાં નથી આવ્યું. સસ્તા અનાજ વિક્રેતાઓએ જણાવ્યું હતું કે, જયારે તુવેર હલકી ગુણવત્તાની આવતી ત્યારે ૧૦૦ ટકા જથ્થાની ફાળવણી કરવામાં આવી હતી પરંતુ હવે તુવેર સારી ગુણવતા વાળી આવવા લાગતા છેલ્લા ૬ મહિનાથી પુરતો જથ્થો ફાળવવામાં આવતો ન હતો. તો બીજી તરફ જરૂરીયાતનો માત્ર ૪૦ કે ૪૫ ટકા જ જથ્થો ફાળવવામાં આવતો હતો. કારણ કે, આ તુવેર બજારમાં રૂા.૧૫૦ થી ૨૦૦ની કિલો લેખે વેંચાણ થતી હોય જયારે સસ્તા અનાજની દુકાને માત્ર રૂા.૫૦માં કિલો લેખે વેંચાણ થતું હોવાને લીધે સરકાર જરૂરીયાત મંદ પરિવારોને અનાજના જથ્થાથી વંચિત રાખવાની પેરવી કરી રહી હોવાનું સામે આવ્યું છે. હાલ જૂનાગઢ શહેર તથા નવ તાલુકા સહિત જીલ્લાની વાત કરવામાં આવે તો ૪૫૮ સસ્તા અનાજના વેપારીઓ રહેલા છે. જેમની તુવેરની ૨૩૭ મેટ્રીક ટન, ચણાની ૨૩૮ અને મીઠું ૨૩૬ મેટ્રીક ટન જરૂરીયાત રહેલી છે. સામાન્ય રીતે મહિનાની પહેલી તારીખથી ૧૦ સુધીમાં તમામ જથ્થાનું વિતરણ કરી ફાળવણી કરવામાં આવતી હોય છે. આ મહિને કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતો ચોખા અને ઘઉંના જથ્થાની ફાળવણી કરાઈ છે. જેની સામે રાજય સરકાર દ્વારા અપાતો તુવેર દાળ, મીઠું અને ચણાના જથ્થાની હજુ સુધી ફાળવણી કરવામાં આવી નથી. જયારે આ મહિને મીઠું અને તુવેર દાળની ફાળવણી નહી કરવામાં આવે તેવો સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હોવાનું નાગરીક પુરવઠા નીગમ નાયબ જીલ્લા મેનેજર વી.કે. સેલાનીએ જણાવ્યું હતું. જેના કારણે વેપારીઓ કમિશનથી વંચીત રહેશે. હાલ જીલ્લાની ૨૩૮ મેટ્રીક ટન ચણાની જરૂરીયાત રહેલી છે. જેની સામે ૨૦ દિવસ બાદ પણ માત્ર ૧૦૭ મેટ્રીક ટનનું વિતરણ કરવામાં આવ્યું છે. જે અનાજ અગાઉથી જ ગોડાઉનમાં પડેલો રહ્યો હતો તે જથ્થાને હાલ એફપીએસ સુધી પહોંચતો કરાયો છે. આગામી સમયમાં સરકાર જથ્થો આપશે તો ફાળવણી કરવામાં આવશે તેમ નાયબ જીલ્લા મેનેજર વી.કે. સેલાનીએ જણાવ્યું હતું.

## જૂનાગઢ : લગ્નની લાલચ આપી યુવતી ઉપર દુષ્કર્મ કરનાર શખ્સને પોલીસે દબોચ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ઉપર બાબા કોમ્પ્લેક્સમાં ત્રીજા માળે આવેલ સ્માર્ટ વેલ્યુ કોમ્પ્યુટરની ઓફિસ ધરાવતા બનાસકાંઠાનાં અલ્પેશ રાણાએ યુવતી પર પોતાની ઓફિસ ઉપરાંત ગોંડલની અલગ અલગ હોટલમાં તથા બનાસકાંઠા લઈ જઈ ધમકી આપી દુષ્કર્મ આચર્યુ હોવાની અને અલ્પેશની પત્ની મીનાક્ષીએ માર માર્યાની ફરિયાદ થતાં પીએસઆઈ આર. એમ. વાળાએ તપાસ હાથ ધરી હતી.

દરમ્યાન બી ડિવિઝનનાં પીઆઈ એચ.પી. ગઢવીએ એસપી હર્ષદ મહેતાની સૂચનાથી એક ટીમને બનાસકાંઠા મોકલી આરોપી અલ્પેશ વીરચંદજી કડવાતર (ઉ.વ.૩૨)ને ગણતરીની કલાકોમાં દબોચી લીધો હતો અને તપાસનીશ પીએસઆઈ વાળાએ અલ્પેશને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરતા અદાલતે શુક્રવાર સુધી બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જેમાં પગલે આરોપીને સાથે રાખી તપાસ પૂછપરછ અને પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## જૂનાગઢમાં બાળકીને સ્કૂલે મુકવાનું કહેતા માતાએ દીકરાને લાકડી વડે માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં દિકરાએ તેની માતાને પૌત્રીને સ્કૂલે મુકવા જવાનું કહેતા માતાને ગુસ્સો આવી જતા દિકરાને લાકડી વડે ફટકારી ઢોર માર મારતા હોસ્પિટલે ખસેડવાની જરૂર પડી હતી. આ અંગે અજયભાઈ મનુભાઈ મારડીયાએ પોલીસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ તેમની દિકરી વીરાબેનને હાલ શાળા ખુલી જતા સ્કૂલે અભ્યાસ અર્થે મુકવા જવાનું તેમની માતાને જણાવ્યું હતું. તેવામાં અજયભાઈની માતાને આ વાતનું લાગી આવતા લાકડી લઈને ઢોર માર મારતા અને માથાના ભાગે લોહીછાણ કર્યો હતો. આથી સારવાર અર્થે ૧૦૮ મારફતે જૂનાગઢ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જેથી અજયભાઈ તેમની માતા ચંપાબેન મનુભાઈ મારડીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ક્રિકેટર વિરાટ કોહલી બન્યો મોસ્ટ વેલ્યુએબલ સેલિબ્રિટી



મુંબઈ, તા.૨૦

વિરાટ કોહલીની બ્રાંડ વેલ્યુમાં પ્રસિદ્ધ બોલીવુડ અભિનેત્રી અનુષ્કા શર્મા સાથેના લગ્નથી નોંધપાત્ર વધારો થયો છે. આ ભાગીદારીએ બ્રાન્ડનું માર્કેટિંગ અને આકર્ષણ વધાર્યુ છે, જેના પરિણામે આકર્ષક જાહેરાતો અને લોકોની નજરમાં તેઓ આગળ પડતાં છે, જેનાથી કોહલીની એકંદર બ્રાન્ડ મૂલ્યમાં વધારો થયો છે.બોલિવૂડ અભિનેતા રણવીર સિંહે USD 203.1 મિલિયનની બ્રાન્ડ મૂલ્ય સાથે બીજું સ્થાન મેળવ્યું છે, જ્યારે અન્ય અગ્રણી અભિનેતા અને IPL ટીમના માલિક USD 120.7 મિલિયનની બ્રાન્ડ મૂલ્ય સાથે ત્રીજા સ્થાને છે. આ યાદીમાં દિગ્ગજ ક્રિકેટર એમએસ ધોની અને સચિન તેંડુલકર પણ સામેલ છે. ધોનીની બ્રાન્ડ વેલ્યુ US$95.8 મિલિયન છે, જ્યારે તેંડુલકર US$91.3 મિલિયન સાથે આઠમા સ્થાને છે.વિરાટ કોહલીની ઊંચી બ્રાન્ડ વેલ્યુ હોવા છતાં, T20 વર્લ્ડ કપમાં તેનું પ્રદર્શન તપાસ હેઠળ રહ્યું છે. યુએસએ સામે શૂન્ય રને આઉટ થતા પહેલા તેણે આયર્લેન્ડ અને પાકિસ્તાન સામે અનુક્રમે માત્ર 1 અને 4 રન બનાવ્યા હતા. ICC ટૂર્નામેન્ટમાં વિરાટ કોહલી પ્રથમ વખત રોહિત શર્મા સાથે ઓપનિંગ કરી રહ્યો હોવાથી, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જેમ જેમ ટુર્નામેન્ટ આગળ વધશે. ભારત T20 વર્લ્ડ કપ 2024ના સુપર 8 તબક્કા માટે ક્વોલિફાય થઈ ગયું છે અને કોહલી પાસેથી વેસ્ટ ઈન્ડિઝમાં સારા પ્રદર્શનની અપેક્ષા રાખવામાં આવશે.

## જૂનાગઢ : લાંચ કેસમાં ઝડપાયેલ ખેતી અધિકારી જેલ હવાલે

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢના ખેતીવાડી અધિકારીએ બિયારણના સેમ્પલ રિજેક્ટ નહીં કરવા માટે ૧૦,૦૦૦ની લાંચ માંગેલ જેનો વચેટીયો માખીયાળા ગામે લાંચ સ્વીકારતા ઝડપાયેલ આ બનાવમાં એસીબીએ ખેતીવાડી અધિકારી અને વચેટીયાને ઝડપી લઈ રીમાન્ડ મેળવી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન રીમાન્ડ પુર્ણ થતા જૂનાગઢના ખેતીવાડી અધિકારી મયંક પી. સીદપરા અને માખીયાળા ગામનો વચેટિયો કેતન શંભુભાઈ બાલધાને જેલ હવાલે કરાયા છે. આ કેસમાં બોટાદ એસીબી પીઆઈ આર. ડી. સગરે બંને આરોપીને મંગળવાર સુધી ૩ દિવસનાં રિમાન્ડ પર મેળવી પૂછપરછ, તપાસ હાથ ધરી હતી અને જરૂરી પંચનામુ કર્યું હતું. બંનેના રિમાન્ડ પૂરા કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કરતાં જૂનાગઢ જિલ્લા જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

### અવસાન નોંધ

જામ ખંભાળિયાઃ ખંભાળિયાના જૂની પેઢીના જાણીતા સેવાભાવી તબીબ ડો. નવનીતભાઈ દેવચંદ ચોકસી (ડો. એન.ડી. ચોક્સી) (ઉ.વ. ૯૪) તે ડો. પંકજભાઈ ચોકસી અને અમિતભાઈ તથા ડો. વિશાખાબેન (વડોદરા) ના પિતાશ્રી તેમજ કમલ બાબરીયા તથા ડો. અંજનીકુમારના સસરા, ડો. વિશ્વા, ડો. દેવાંશી, મેહુલ, માધવેન્દ્ર તથા ડો. વત્સલના દાદા તેમજ સૌમ્યા અને શરણ્યાના નાનાજી તારીખ ૧૯ મીના રોજ અવસાન પામ્યા છે. ગતસાંજે તેમની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં આગેવાનો, હોદ્દેદારો, તબીબો વિગેરે જોડાયા હતા. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તારીખ ૨૦ ના રોજ સાંજે ૫ થી ૬ ભાઈઓ તથા બહેનો માટે અત્રે પોરબંદર રોડ ઉપર આવેલા ટાઉનહોલ ખાતે રાખવામાં આવેલ છે.

## કુવૈત આગ કેસમાં ૩ ભારતીયો સહિત ૮ આરોપીઓની ધરપકડ

નવી દિલ્હી, તા.૨૦

કુવૈતના મંગાફ શહેરમાં ૬ માળની ઈમારતમાં લાગેલી ભીષણ આગમાં ત્રણ ભારતીયો, ચાર ઈજિપ્તવાસીઓ અને એક કુવૈતી નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. આ આગમાં ૫૦ લોકોના મોત થયા હતા, જેમાં ૪૬ ભારતીયોનો સમાવેશ થાય છે. હકીકતમાં, ૧૨ જુલાઈના રોજ મંગફ શહેરમાં છ માળની ઈમારતમાં લાગેલી ભીષણ આગ ગ્રાઉન્ડ ફ્લોર પરના ગાર્ડના રૂમમાં ઈલેક્ટ્રિકલ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. આ ઈમારતમાં ૧૯૬ સ્થળાંતર કામદારો રહેતા હતા, જેમાંથી મોટાભાગના ભારતીય હતા.

## ૨૧ જૂન - વિશ્વ સંગીત દિવસ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૦

સમગ્ર વિશ્વમાં ૨૧ જુને વિશ્વ સંગીત દિવસ ઉજવાય છે. પ્રચલિત કથા અનુસાર ફ્રાન્સમાં ૧૯૮૨માં તત્કાલીન સાંસ્કૃતિક મંત્રી જેક લેંગે પહેલીવાર દેશના લોકોનો સંગીત પ્રત્યે પ્રેમ જોઈ ૨૧ જુનને સંગીત દિવસ મનાવવા ઘોષણા કરી હતી. વાત પ્રભાસના સંગીતની સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર જયારે સ્થાપના થઈ હતી ત્યારે વરસો સુધી આત્મારામ બાપા જોશી મંદિરમાં સંધ્યા આરતી બાદ સંગીતગાન કરતા પ્રભાસના ઘણા ઘરોમાંના હિંડોળા ઉપર ઝુલી ઝુલી ‘યુ તો હરશામ ગુજર જાતી હૈ, આજ કી શામ કી બાતપે રોના આયા’ એવી બેગમ અખ્તરની ગઝલ પોતાના અવાજમાં ગાઈ નિજાનંદમાં ડુબી જતા. પ્રભાસમાં લાભશંકર મહેતા પગપેટી હારમોનીયમથી સુરીલું સંગીત બજાવતા તો નિરંજન મહેતા તો વોઈસ ઓફ મન્નાડે તરીકે સદાબહાર ગીતો પીરસતા પ્રભાસના હરીભાઈ તબલચી અને જનુભાઈ તબલચીનું તબલાવાદન અનેરી અનુભુતિ આપતું. વેરાવળના દામુભાઈ ઘડીયાળી, ટપુ માસ્તર કંઠ વાદ્યથી સંગીત વારસાને જીવંત રાખતા. ભારતની આઝાદીની રાષ્ટ્રીય ચળવળ વખતે જેના કંઠે ગવાયેલી ગ્રામફોન રેકર્ડ બહાર પડેલી કે, મેરી માતા કે સરપે તાજ રહેગાના બુલંદી ગાયક માસ્ટર વસંતનો વેરાવળ સાથે પારીવારીક નાતો હતો. રાષ્ટ્ર ચેતનામાં પ્રાણ ફુંકતી એ રેર્કડનો તે જમાનામાં પ્રતિબંધ મુકવામાં આવેલ હતો. રાજકોટ આકાશવાણીથી કારકિર્દી શરૂ કરનાર વિશ્વ પ્રસિધ્ધ સારંગીવાદક ઉસ્તાદ સુલતાનખાં સોમનાથ મંદિરમાં સ્વર વાદ્ય અભિષેક કરી ચુકેલ છે.

જે જમાનામાં વોઈસ ઓફ લતા મંગેશકર તરીકે ખુબ પ્રસિધ્ધી પામેલા રાજકોટના ભુપેન્દ્ર દાદાના સાનિધ્યે ઝનક ઝનક પાયલ બાજેનું ફિલ્મ ગીત જો તુમ તોડો પીયા, મેં નહી તોડુ ક્રિષ્ણા કૌન સંગ જોડું લતા મંગેશકરના અવાઝમાં ગાયું હતું.

રાજકોટના ફાસ્ટેસ્ટ પિયાનોવાદક કાંતીભાઈ સોનછત્રા, હેમુભાઈ ગઢવી, કિર્તીદાન ગઢવી, ઓસમાણ મીર, બિરજુ મહારાજ, અનુરાધા પોડવાલ, રાજન-સાજન મિશ્રા, મશહુર કવ્વાલ શંકર શંભુ, પંકજ ભટ્ટ તમામે તમામ પોતાની સંગીતકલા શિવચરણમાં પ્રસ્તુત કરી ચુકેલ છે તો પુરૂષોતમ ઉપાધ્યાય, રાસબીહારી દેસાઈ, નયન પંચોલી, શ્યામલ-સૌમલ મુન્શી, મકબુલ હુશેનખાં, પંડીત જશરાજ, કલ્યાણી કોઠારકર આજેય સોમનાથ સોમનાથ સંગીત રસિકોના સ્મરણમાં છે. સોમનાથના માર્કન્ડ પાઠક, બી.આર.દવે સંગીત શ્રવણનો એટલો બધો અદ્ભુત શોખ કે તેઓએ અસંખ્યા કેસેટોના વૈભવ વારસો જાળવ્યો છે. સોમનાથના ભાસ્કર વૈદ્ય કહે છે આજ કી બાત કુછ ઔર હૈ, હર બાત પે રોના આયા, સંગીત ગાન શ્રવણ લુપ્તતા આરે છે. ફિલ્મ સંગીતને કારણે છેલ્લી પેઢી સંગીતમાં ડુબી રહેતી તે પણ હવે ફિલ્મોમાં અસર કરે તેવાં ગીતો બંધ થતાં તે પણ હવે ભુતકાળ બન્યું છે.

## યુટ્યુબર હરિદ્વારમાં બિયરનું વિતરણ કરી રહ્યો હતો

નવી દિલ્હી, તા.૨૦

ધાર્મિક અને તીર્થધામ હરિદ્વારમાં માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ છે. આ દિવસોમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક યુટ્યુબર બિયરનું વિતરણ કરીને ચેલેન્જ આપી રહ્યો છે. યુવકના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં તે કંખલ વિસ્તારમાં ગંગાના કિનારે બિયરની ચેલેન્જ આપતો જોવા મળી રહ્યો છે અને ગંગાના કિનારે બિયર છુપાવતો પણ જોવા મળી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ તીર્થ પુરોહિત સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે અને પોલીસ પાસે કાર્યવાહીની માંગ છે.આ મામલો પ્રકાશમાં આવ્યા પછી, પોલીસે કાર્યવાહી કરી અને યુટ્યુબરનું ચલણ કર્યું અને તેને ભવિષ્યમાં આવા કૃત્યનું પુનરાવર્તન ન કરવા ચેતવણી આપી. પોલીસે કહ્યું કે જો તે ભવિષ્યમાં ફરી આવું કરશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. યુટ્યુબરે માફી માંગી છે.શ્રી ગંગા સેવક દળના સચિવ અને તીર્થયાત્રી ઉજ્જવલ પંડિતે વાયરલ થયેલા વિડિયો અંગે નિવેદન જારી કરીને કહ્યું છે કે સોશિયલ મીડિયા પર પોતાના યુઝર્સ અને લાઈક કોમેન્ટ્સ વધારવા માટે અંકુર ચૌધરી નામનો યુવક ધાર્મિક નગરી હરિદ્વારની ગરિમા સાથે ખેલ કરી રહ્યો છે. છે.આ યુવક કંખલ જેવા પવિત્ર વિસ્તારમાં લોકોને બીયર માટે આમંત્રિત કરી રહ્યો છે, જે ધાર્મિક શહેર હરિદ્વારની ધાર્મિક સજાવટની વિરુદ્ધ છે. જેના કારણે હરિદ્વારના લોકો અને હરિદ્વાર આવતા શ્રદ્ધાળુઓની આસ્થા પર પ્રહાર થઈ રહ્યો છે. હરિદ્વાર પોલીસે આવા લોકો સામે કડક

### મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૪૧/૨૦૨૪

**:: જાહેર નોટીસ ::**

પ્રતિ,
શ્રી પરમાર લાભુબેન ગુલાબરાય
રહે. સરદારપરા શેરી નં. ૬
પ્રફુલ ચોક, જોષીપરા, જૂનાગઢ..... અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ નોંધણી વિભાગ,
મહાનગરપાલીકા, જૂનાગઢ........ સામાવાળા

જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનુ કે, અરજદારશ્રી પરમાર લાભુબેન ગુલાબરાય પોતાનો જન્મ તા. ૨૩-૧૦-૧૯૬૯ના રોજ જૂનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે સમયે તેઓનાં માતા-પિતા શૈક્ષણિક રીતે પછાત હોવાથી અને જન્મ-મરણ કાયદાનું જ્ઞાન ન હોવાથી જૂનાગઢ મુકામે મહાનગરપાલીકા કચેરીમાં જન્મનાં રજીસ્ટરમાં તેઓનાં જન્મની નોંધ થયેલ નથી જેથી જન્મની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તારીખ ૧૯, માહે જુન-૨૦૨૪ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી : અવાચ્ય
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ (શહેર)

### સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી બનાવનો ભેદ ઉકેલવામાં

# જૂનાગઢ નેત્રમ શાખાને સતત ૧૨મી વખત પ્રથમ નંબરનાં એવોર્ડથી સન્માનીત

## ગાંધીનગર ખાતે ડી.જી.પી. વિકાસ સહાય દ્વારા નેત્રમ શાખાને ૧૭મી વખત એવોર્ડ આપી સન્માનીત કર્યા









જૂનાગઢ, તા.૨૦

ગુજરાત પોલીસમાં વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર જીલ્લાઓને દર ત્રણ માસે એવોર્ડ એનાયત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં રાજ્યના પોલીસ વડાની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના દરેક જીલ્લામાંથી સારી કામગીરીની દરખાસ્ત મંગાવી, કમિટી દ્વારા વિજેતાઓના નામ નક્કી કરી, **Reward & Recognition Program** હેઠળ એવોર્ડ એનાયત કરી ગુજરાત રાજ્યના ડીજીપી વિકાસ સહાયના હસ્તે સન્માન કરી, સન્માન પત્ર એનાયત કરવામાં આવે છે. જૂનાગઢ રેંજના આઈ.જી.પી. નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા ગુજરાત સરકાર દ્વારા વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરાનો મહત્તમ ઉપયોગ કરી શહેરમાં ટ્રાફીક નિયમન તથા બનતા કોઈ પણ ગુન્હાનો ભેદ ત્વરીત ઉકેલવા, કોઇ વ્યક્તિનો કીંમતી સામાન ગુમ થયેલ હોય, ક્યાંય ભુલી ગયેલ હોય તો ત્વરીત તે સામાન શોધી, "પોલીસ પ્રજાનો મીત્ર છે" તે સુત્રને સાર્થક કરવા સૂચના આપેલ છે. જે અંતર્ગત જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય.એસ.પી. એ.એસ.પટણી સાહેબના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. પી.એચ.મશરૂ અને ૨૬ પોલીસ સ્ટાફ તથા એન્જીનીયરશ્રીઓ ૨૪x૭ ફરજ બજાવે છે.

**Reward & Recognition Program** હેઠળ એવોર્ડ એનાયત કરવા સારૂ ગુજરાત રાજ્યના ડી.જી.પી.ની કચેરી ખાતે નિયુક્ત કરેલ કમીટી દ્વારા રાજ્યના તમામ જીલ્લા દ્વારા વર્ષ ૨૦૨૩ ના ક્વાર્ટર-૪ (તા. ૧/૧૦/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ સુધીના) સમયગાળા દરમ્યાન તથા ૨૦૨૪ના ક્વાર્ટર-૧ (તા.૧/૧/૨૦૨૪ થી ૩૧/૩/૨૦૨૪ સુધીના) સમયગાળા દરમ્યાન સીસીટીવી કેમેરાનો ઉત્કૃષ્ઠ ઉપયોગ કરી કેસ ઉકેલવામાં મળેલ સફળતાની કામગીરીનુ મુલ્યાંકન કરવામાં આવેલ હતું. મુલ્યાંકન બાદ કમીટી દ્વારા જૂનાગઢ જિલ્લાની નેત્રમ શાખાને બંને ક્વાર્ટરમાં બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ નંબર આપવામાં આવેલ હતો. આમ જૂનાગઢ જીલ્લાની નેત્રમ શાખાને બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં સતત ૧૨ મી વખત પ્રથમ નંબરનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો. નેત્રમ શાખાના પી.એસ.આઈ. પી.એચ.મશરૂની ટીમના એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા તથા પોલીસ કોન્સ. પાયલબેન વકાતરને ગાંધીનગર ખાતે ડી.જી.પી. વિકાસ સહાય દ્વારા નેત્રમ શાખાને ૧૭મી વખત એવોર્ડ આપી સન્માનીત કર્યા હતા. વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત હજુ સુધી કુલ ૧૨ વખત કામગીરીનું મૂલ્યાંકન કરી એવોર્ડ આપવામાં આવેલ છે, બનાવના ભેદ ઉકેલાવાની કેટેગરીમાં ૧૨ વખત એટલેકે તમામ વખત જૂનાગઢ નેત્રમ શાખાની સમગ્ર ટીમ દ્વારા ગુજરાતમાં પ્રથમ નંબર મેળવેલ છે, તેમજ ૩ વખત ઈ -ચલણની કામગીરીમાં નંબર મેળવેલ છે, અને ૨ વખત ઈ-કોપ એવોર્ડ મેળવેલ છે અને જૂનાગઢ પોલીસને ગર્વ અપાવેલ છે.

વર્ષ એપ્રીલ - ૨૦૨૧ થી માર્ચ – ૨૦૨૪ સુધી સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી જૂનાગઢ પોલીસ દ્વારા કુલ ૧૧૦૫ કેસના બનાવનો ભેદ ઉકેલવામાં સફળતા મળેલ છે જે ૧૧૦૫ કેસો પૈકી ૧૦૬૦ કેસો જૂનાગઢ જિલ્લાના અને ૪૫ જેટલા કેસો રાજકોટ, ગીર સોમનાથ, પોરબંદર, દેવ ભુમી દ્વારકા, જામનગર, બોટાદ, સુરેન્દ્રનગર, સુરતમાં બનેલ બનાવનો ભેદ જૂનાગઢ નેત્રમ શાખા દ્વારા ઉકેલાયેલ છે અન કુલ રૂા. ૪,૫૨,૯૦,૬૨૯/- (ચાર કરોડ બાવન લાખ નેવુ હજાર પાંચસો નવાણુ) નો મુદામાલ રીકવર કરી પ્રજાને સુપરત કરેલ છે. જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સીધી દેખરેખ હેઠળ નેત્રમ શાખા કાર્યરત છે અને નેત્રમ શાખામાં પી.એસ.આઈ. પી.એચ.મશરૂ, એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા, એ.એસ.આઈ. પ્રતિકભાઈ કરંગીયા, હે.કોન્સ., રામશી ડોડીયા, પો.કોન્સ. રાહુલગીરી મેઘનાથી, વિક્રમભાઈ જીલડીયા, જાનવીબેન પટોડીયા, હીનાબેન વેગડા, હરસુખભાઈ સીસોદીયા, ચેતનભાઈ સોલંકી, શિલ્પાબેન કટારીયા, હાર્દીકસિંહ સીસોદીયા, અંજનાબેન ચવાણ, પાયલબેન વકાતર, તરૂણભાઈ ડાંગર, ગિરીશભાઈ કલસરીયા, વિજયભાઈ છૈયા, સુખદેવભાઈ કામળીયા, રૂપલબેન છૈયા, એન્જીનીયર રેયાઝ અંસારી, મસઉદઅલીખાન પઠાણ, નિતલ મહેતા, કીસનભાઈ સુખાનંદી, ધવલભાઈ રૈયાણી, જેમીનભાઈ ગામી, સતિષભાઈ ચૌહાણ એમ કુલ ૨૬ સ્ટાફ દ્વારા સીસીટીવી કેમેરાથી ૨૪x૭ મોનીટરીંગ કરી અને કામગીરી કરવામા આવે છે.

જૂનાગઢ નેત્રમ શાખાના પી.એસ.આઈ. પી.એચ.મશરૂ અને તેમની ટીમને અગાઉ માહે જાન્યુ ૨૦૨૧માં, ઓગષ્ટ ૨૦૨૧, ડિસેમ્બર - ૨૦૨૧, એપ્રીલ – ૨૦૨૨ (બનાવના ભેદ ઉકેલવાની કેટેગરી તેમજ ઈ-ચલણની એમ બંને કેટેગરીમાં), જૂન - ૨૦૨૨, સપ્ટેમ્બર -૨૦૨૨ (બનાવના ભેદ ઉકેલવાની કેટેગરી તેમજ ઈ-ચલણની એમ બંને કેટેગરીમાં), ડીસેમ્બર-૨૦૨૨, ફેબ્રુઆરી -૨૦૨૩, એપ્રીલ – ૨૦૨૩ અને જુલાઈ – ૨૦૨૩, સપ્ટેમ્બર -૨૦૨૩(બનાવના ભેદ ઉકેલવાની કેટેગરી તેમજ ઈ-ચલણની એમ બંને કેટેગરીમાં), ફેબ્રુઆરી – ૨૦૨૪ (બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં), જુન – ૨૦૨૪ (બંને ક્વાર્ટરમાં બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં) પણ ડી.જી.પી. દ્વારા એવોર્ડ એનાયત કરી સન્માનીત કરવામાં આવેલ હતા. આમ જૂનાગઢ નેત્રમ શાખાની સમગ્ર ટીમને ડી.જી.પી. દ્વારા ફક્ત ૩ વર્ષના અંતરે ૧૭ - ૧૭ વખત શ્રેષ્ઠ કામગીરી કરવા સારૂ એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવેલ છે.

જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે કાર્યરત નેત્રમ શાખા દ્વારા ક્વાર્ટર-૪ (તા. ૦૧/૧૦/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ સુધીના) સમયગાળા દરમ્યાન તથા ૨૦૨૪ના ક્વાર્ટર-૧ (તા. ૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૪ સુધીના) સમય ગાળા દરમ્યાન સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી બનાવનો ભેદ ઉકેલવાની કેટેગરીમાં ડી.જી.પી. વિકાસ સહાયના હસ્તે બંને ક્વાર્ટરમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ નંબર એવોર્ડ મેળવી અને જૂનાગઢ પોલીસનુ ગૌરવ વધારતા નેત્રમ શાખાના પી.એસ.આઈ. પી.એચ.મશરૂ અને તેમની સમગ્ર ટીમને જૂનાગઢ રેંજના આઈ.જી.પી. નિલેશ જાજડીયા, જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા તથા જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય.એસ.પી. એ.એસ.પટણી, જૂનાગઢ ડીવીઝનના ડી.વાય.એસ.પી. એચ.ડી.ધાંધલીયા, કેશોદ ડી.વાય.એસ.પી. બી.સી.ઠક્કર તથા માંગરોળ ડીવીઝનના ડી.વાય.એસ.પી. ડી.વી.કોડીયાતર, ડી.વાય.એસ.પી. જે.કે.ઝાલા, ડી.વાય.એસ.પી. નીકીતા શીરોયા દ્વારા પણ અભિનંદન આપવામાં આવેલ છે.

# કેશોદ તાલુકાનો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નીવારણ કાર્યક્રમ તા.૨૬ જુનના યોજાશે

જૂનાગઢ,તા.૨૦

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ તેમજ લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કેશોદ તાલુકા માટે સ્વાગત ઓનલાઈલ કાર્યક્રમ તા.૨૬-૦૬-૨૦૨૪ (બુધવાર) સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, કેશોદ તાલુકા સેવા સદન, માંગરોળ રોડ, કેશોદ ખાતે યોજાશે તથા ગ્રામ્ય કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ સબંધિત ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં અરજી રજુ કરવા લોકોને તાલુકા મથકે આવવું ન પડે તે માટે જે તે ગામના તલાટીને દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજુ કરી શકશે.

આ કાર્યક્રમમાં અરજદાર મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆત વાળી અરજીઓ, કચેરીના એક કરતા વધુ વિભાગીય પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઇ શકશે નહી તેમ કેશોદ મામલતદારની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ ખાતે 'સ્વયં અને સમાજ માટે યોગ' થીમ અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે

જૂનાગઢ, તા.૨૦

દર વર્ષે ૨૧જૂન ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે ૨૧/૬/૨૦૨૪ ના રોજ મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય, શાળા-કોલેજો અને સંસ્થાઓ વગેરે કેન્દ્ર પર 'સ્વયં અને સમાજ માટે યોગ' થીમ અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કરવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે.જે અંર્તગત જૂનાગઢ મહાનગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ ઉપરકોટ કિલ્લો જૂનાગઢ અને જૂનાગઢ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ બહાઉદ્દિન કોલેજ જૂનાગઢ ખાતે તા.૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એ વૈશ્વિક ઉજવણી છે, જે શારીરિક અને માનસિક પ્રોત્સાહન આપવા માટે યોગના મહત્વ પર ભાર મૂકે છે. જેથી જૂનાગઢના દરેક નાગરીકો આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં જોડાઈ શારીરિક તેમજ માનસિક સ્વાસ્થયને મજબૂત બનાવે તે હેતુથી જૂનાગઢ વહીવટી તંત્ર દ્વારા એક અખબારી યાદીમાં નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# વાહક જન્ય રોગ નિયંત્રણ અંતર્ગત જૂનાગઢ જીલ્લાના વિવિધ વિભાગો દ્વારા ચોમાસા સંદર્ભે કામગીરી કરાશે

જૂનાગઢ, તા.૨૦

ચોમાસાની ઋતુ શરૂ થાય છે અને વરસાદ થવાથી જુદી-જુદી સરકારી-બિન સરકારી મિલકતોમાં પુષ્કળ પ્રમાણમાં મચ્છર ઉત્પતિ સ્થાનો ઉદ્દભવી શકે છે. વાહક જન્ય રોગને નિયંત્રણમાં રાખવા માટે મચ્છર ઉત્પત્તિ અટકાવવી ખૂબ જ જરૂરી છે. આથી સરકારી ઓફિસ, બિલ્ડીંગો વગેરેમાં પ્રિમોન્સૂન ક્લિનિંગ તથા સોર્સ રિડક્શનની કામગીરી હાથ ધરવામાં આવે તો ચોમાસા દરમિયાન મર્યાદિત બ્રીડિંગ પ્લેસ ઉત્પન્ન થશે અને વેક્ટર કંટ્રોલ થઈ શકશે. જુદા-જુદા વિભાગો દ્વારા પ્રિ-મોન્સૂન/મોન્સૂન સિઝન દરમિયાન ઓફિસ કેમ્પસમાં કલીનીંગ ઓપરેશન હાથ ધરવું, ચા ના કપ/ગ્લાસ હોઈ તો નિકાલ કરવો, સેનેટરી બ્લોક પાછળની સેપ્ટિક ટેન્ક ખુલી હોઈ તો બંધ કરાવવી, અગાશીમાં વરસાદનું પાણી ન ભરાઈ રહે તે માટે મરામત કરાવવી વગેરે જેવી કામગીરી હાથ ધરવાની રહેશે.

જેમાં આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, રેવન્યુ વિભાગ, સિંચાઈ વિભાગ, પાણી પુરવઠા અને વાસ્મો વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ઉદ્યોગ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, નગરપાલિકા, પંચાયત વિભાગ, બાંધકામ વિભાગ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ વિભાગ, પીજીવીસીએલ વિભાગ, ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન, આયુર્વેદ વિભાગ, પોલીસ વિભાગ, ડેરી, લીડ બેંક, આરટીઓ વિભાગ, વન વિભાગ, ખાણ ખનીજ વિભાગ સહિતના વિભાગોએ ચોમાસા દરમ્યાન વાહક જન્ય રોગ જેવા કે, મલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાનો ફેલાવો અટકાવવાની કામગીરી હાથ ધરવાની રહેશે.

# એચડીએફસી સિક્યોરિટીઝે છેતરપિંડીભર્યા વોટ્સઅપ ગ્રુપ અને તેના જેવો ઢોંગ કરતા કૌભાંડો સામે ગ્રાહકોને સાવધાન કર્યા

અમદાવાદ, તા.૨૦

એચડીએફસી બેંકની પેટાકંપની અને અગ્રણી સ્ટોક બ્રોકિંગ કંપની એચડીએફસી સિક્યોરિટીઝ લિમિટેડે કંપની અને તેના કર્મચારીઓનો દેખાવ કરતા બનાવટી વોટ્સઅપ ગ્રુપ્સને સાંકળતી છેતરપિંડીભરી પ્રવૃત્તિઓમાં થયેલા વધારા સામે ગ્રાહકોને સાવચેત કર્યા છે. શેરબજારમાં સંકેતાત્મક, બાંયધરી આપતા કે ગેરંટેડ વળતર આપવાનો દાવો કરતા લોકો કે એકમો દ્વારા ઓફર કરાતી કોઈ સ્કીમ કે પ્રોડક્ટ સબ્સ્ક્રાઇબ ન કરવા અને ખૂબ જ સાવધાની રાખવા માટે એચડીએફસી સિક્યોરિટીઝે તમામ રોકાણકારોને વિનંતી કરી છે કારણ કે તે ગેરકાયદેસર છે.

આ ગ્રુપ ઊંચા વળતરનું વચન આપીને ગ્રાહકો પાસેથી સંવેદનશીલ માહિતી કઢાવી શકે છે અને ફંડ ટ્રાન્સફર કરી શકે છે. એચડીએફસી સિક્યોરિટીઝ તેના ગ્રાહકોને સાવધાન કરવા માંગે છે કે તે યુઝર આઈડી અને પાસવર્ડ જેવી ટ્રેડિંગને લગતી મહત્વની માહિતી કોઈને ન આપે. એચડીએફસી સિક્યોરિટીઝના સીડીઓ અને સીઓઓ સંદીપ ભારદ્વાજે ભારપૂર્વક જણાવ્યું હતું કે "રોકાણકારો માટે આવી છેતરપિંડીભરી પ્રવૃત્તિઓ સામે સજાગ રહેવું અને રિસર્ચ તથા વિશ્વસનીય માહિતીના આધારે જ રોકાણના નિર્ણયો લેવા ખૂબ જરૂરી છે. એચડીએફસી સિક્યોરિટીઝ તરફથી હોવાનો દાવો કરતા કોઈપણ કમ્યૂનિકેશનની અધિકૃતતાની હંમેશા ખરાઈ કરો અને સુનિશ્ચિત કરો કે તમે અમારી ઓફિશિયલ ચેનલ્સ થકી જ વ્યવહાર કરો."

એચડીએફસી સિક્યોરિટીઝ વોટ્સઅપ કે અન્ય બિનઅધિકૃત ચેનલ્સ દ્વારા આધાર કે પાન કાર્ડની વિગતો સહિત કોઈ અંગત માહિતી માંગતી નથી. આ ઉપરાંત ગ્રાહકોને ઓફિશિયલ પ્લેટફોર્મ્સની બહાર ફંડ ટ્રાન્સફર માટે વિનંતી કરાતી નથી કે વોટ્સઅપ ગ્રુપમાં જોડવામાં આવતા નથી. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એપ્સ ઓફિશિયલ એચડીએફસી સિક્યોરિટીઝની વેબસાઈટ અથવા ઓથોરાઈઝ્ડ એપ સ્ટોર્સ જેવા વિશ્વસનીય સ્ત્રોતોથી જ ડાઉનલોડ કરવી જોઈએ. જો ગ્રાહકોને એચડીએફસી સિક્યોરિટીઝનું પ્રતિનિધિત્વ કરતા હોવાનો દાવો કરતા ગ્રુપ કે કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિઓ જણાય તો તેમણે તરત જ નિયુક્ત કસ્ટમર સર્વિસ ટીમનો સંપર્ક કરવો જોઈએ. વધુ કોઈ મદદ માટે કે કૌભાંડની જાણ માટે એચડીએફસી સિક્યોરિટીઝનો કસ્ટમર સર્વિસ નંબર ૦૨૨-૩૯૦૧૯૪૦૦ ઉપર સંપર્ક કરો.

# માણાવદર મામલતદાર કચેરીમાં નેટવર્કના ધાંધીયાથી અરજદારો પરેશાન

(પ્રતિનિધિ દ્વારા)



માણાવદર તા. ૨૦

માણાવદર તાલુકાના ખેડુત આગેવાન અશોકભાઈ રામએ એક નિવેદનમાં જણાવેલ છે કે, ખેડુતોને માણાવદર મામલતદાર કચેરીમાં નેટવર્કના ધાંધીયાને કારણે ૭/૧૨ ના ઉતારાની નકલ કઢાવવામાં ત્રણ-ત્રણ કલાક સુધી ઉભા રહેવું પડેલ હોવા છતાં નકલો મેળવી શકેલ ન હતા. જેથી મામલતદાર કચેરીમાં ઓનલાઈન નેટવર્કની તાકીદે આધુનિક સુવિધા ઉભી કરવા માંગણી કરી છે. ચોમાસાના કિંમતી સમયમાં ખેડુતો વાવણીની તૈયારીમાં હોય છે તથા ખેત ધિરાણ મેળવવા ઉપરોકત નકલો મેળવવાની હોય જે સમયસર નેટવર્કના ધાંધીયાને લીધે મળતી નથી. જેથી સત્વરે આ અંગે ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી ખેડુતો તથા આમ જનતામાંથી માંગણી ઉઠવા પામી છે.

# 'મહારાજ' ફિલ્મનો ખંભાળિયામાં પણ ઉગ્ર વિરોધ : વૈષ્ણવો દ્વારા આવેદન અપાયું

## ફિલ્મ પર હિન્દુઓ અને પુષ્ટિ સંપ્રદાય દ્વારા કાયમી પ્રતિબંધની માંગ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

યશરાજ ફિલ્મસ દિગ્દર્શિત ફિલ્મ "મહારાજ"નો સમગ્ર દેશ સાથે ખંભાળિયાના હિન્દુઓમાં પણ વિરોધ જોવા મળી રહ્યો છે. "મહારાજ" ફિલ્મમાં ભગવાન તેમજ પુષ્ટિ માર્ગને કથિત રીતે વિચિત્ર અને અસ્લિલતાથી નીચું દર્શાવવાના મનાતા આ આ પ્રયાસોથી સમગ્ર દેશના હિન્દુ સનાતન ધર્મના લોકોને લાગણી દુભાઈ છે.

આ ફિલ્મ ઉપર કાયમી પ્રતિબંધ મૂકવામાં આવે તેવી માંગ સાથે ખંભાળિયાના પુષ્ટિ સંપ્રદાયના સર્વે વૈષ્ણવો દ્વારા અહીંના સેવાકુંજ હવેલીના પૂજ્ય ગોસ્વામી માધવીવહુજી યશોદાનંદજી મહારાજના અધ્યક્ષ સ્થાને ગઈકાલે બુધવારે સવારે જિલ્લા કલેકટરને સંબોધીને આવેદનપત્ર આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળના આગેવાનો કાર્યકરો પણ જોડાયા હતા અને ઉપસ્થિત તમામએ અહીંના સક્ષમ અધિકારીને "મહારાજ" ફિલ્મ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ લાદવામાં આવે તેવી રજૂઆતો કરી હતી. જેમાં સેવાકુંજ હવેલીના પૂજ્ય માધવી વહુજી, મહાપ્રભુજી બેઠકના મયંકભાઈ અને સુરજભાઈ, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, પ્રવિણસિંહ કંચવા, ભમબાપુ, રમેશભાઈ લાલ, ઈન્દ્રજીતસિંહ પરમાર, નારણભાઈ કાનાણી, બાલુભાઈ ગોર, મોહિતભાઈ મોટાણી, ચિરાગભાઈ દતાણી, નીરૂબેન બદીયાણી, સહિત મોટી સંખ્યામાં વૈષ્ણવો ભાઈઓ-બહેનો વિગેરે જોડાયા હતા અને સૂત્રોચાર સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ


# આંધ્રપ્રદેશ અને ઓડિશામાં બે નવી સરકારો

એન.ચંદ્રબાબુ નાયડુએ ચોથી વખત આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લઈને એક નવા દોરની શરૂઆત કરી, જ્યારે ઓડિશામાં મોહન ચરણ માંઝીએ મુખ્યમંત્રી પદે બેસીને એક નવો ઈતિહાસ લખ્યો છે. આંધ્ર પ્રદેશમાં તેલુગુ દેશમ પાર્ટીના નેતૃત્વમાં ભાજપની સહયોગી ભૂમિકાથી ગઠબંધન સરકાર બની છે, તો ઓડિશામાં ભાજપે એકલા દમ પર સરકાર બનાવી છે. ચંદ્રબાબુ નાયડુ ભારતમાં આઈટીના નામે ઓળખ ધરાવતા નેતા છે. મુખ્યમંત્રી રૂપે જ્યારે તેમને મોકો મળ્યો, તેમણે હૈદરાબાદને આઈટી હબ રૂપે ફેરવી નાખ્યું, હવે જ્યારે તેઓ ફરી મુખ્યમંત્રી બન્યા છે તો આઈટી ક્ષેત્રમાં ક્રાંતિ માટે તેમણે કામ કરવું જોઈએ. ભારતમાં, તે પણ આંધ્રપ્રદેશ જેવા રાજ્યમાં આઈટી ક્ષેત્રે વધુ રોકાણ, નવાચાર અને સરકારી સ્તર પર વધુ સગવડની જરૂર છે. ચંદ્રબાબુએ એક નવું આંધ્ર બનાવવા માટે કામ કરવું જોઈએ. અમરાવતીમાં રાજધાની બનાવવાની યોજના પર તેઓ બેશક કામ કરે, પરંતુ તેમણે રોજગાર અને પ્રદેશના બુનિયાદી વિકાસ માટે વધુ વિચારવું જોઈએ.

આંધ્ર પ્રદેશના નવા મંત્રીમંડળમાં સંભાવનાને અનુરૂપ જ ટીડીપીના ૨૧ ધારાસભ્યો, જનસેનાના ત્રણ ધારાસભ્યો અને ભાજપના એક ધારાસભ્યને શપથ લેવડાવ્યા છે. ખાસ એ પણ છે કે આંધ્રમાં આ વખતે પહેલી વાર ચૂંટણી જીતનારા આઠ ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવ્યા છે. પહેલી વાર ચૂંટણી જીતેલા લોકપ્રિય અભિનેતા પવન કલ્યાણે પણ સહર્ષ મંત્રી પદ સ્વીકાર કર્યું છે, જેનાથી કલાના ક્ષેત્રે હલચલ છે. જોકે ચંદ્રબાબુ નાયડુ પણ મહાન અભિનેતા એનટી રામારાવનો વારસો સંભાળી રહ્યા છે. ચંદ્રબાબુએ સોગંદ ખાધા છે કે તેઓ રાજ્યમાં માત્ર એક રાજધાની બનાવશે, તો તેમણે ધ્યાન રાખવું પડશે કે ભ્રષ્ટાચારના દાગ લાગે. નવી રાજધાનીનું નિર્માણ એક મોટી યોજના છે, તે ઈમાનદાર હાથે પૂરી થવી જોઈએ. ચંદ્રબાબુ માટે એક મોટો પડકાર પોતે કરેલા વાયદાને પૂરા કરવાનો છે. મોટાભાગના વિશ્લેષકો એ જ માને છે કે પાછલી વખતે પણ તેઓ પોતાના વાયદા નહિ નિભાવી શકવાને કારણે જ હાર્યા હતા. અસલમાં દક્ષિણમાં જાતજાતની મફત યોજનાઓ જાહેર થાય છે, જેને પૂરી કરવી વ્યાવહારિક રૂપે આસાન નથી હોતું. જનતાએ ચંદ્રબાબુની રાજનીતિ પર ભરોસો વ્યક્ત કર્યો છે અને આ ભરોસાને યથાવત રાખવો નવા મુખ્યમંત્રીની જવાબદારી છે. આ તરફ, ઓડિશાના પણ કાયાકલ્પનો મોકો ભારતીય જનતા પાર્ટીને મળ્યો છે. નવીન પટનાયક સમયે આ રાજ્ય લગભગ અટકી ગયું હતું, દરેક પ્રકારનાં સંસાધનો છતાં ઓડિશા એટલું આગળ ન વધી શક્યું, જેટલું તેના કેટલાક અન્ય પડોશી રાજ્યો વધી ગયા. છત્તીસગઢ તો બહુ આગળ વધી ગયું, બંગાળ પણ ઠીક સ્થિતિમાં છે, બિહારની જીડીપી પણ તેજીથી વધે છે, પરંતુ ઓડિશાના હાલ ખરાબ હતા, તો લોકોએ લગભગ અઢી દાયકા બાદ નવીન પટનાયકને તડકે મૂકી દીધા. હવે કમાન ભાજપના હાથમાં છે, તો તેનો સીધો અર્થ છે કે ઓડિશાના લોકો તેજ પ્રગતિ ઈચ્છે છે. ઓડિશાના મુક્યમંત્રી મોહન ચરણ માંઝી માટે પડકારો ઓછા નથી. જો કેન્દ્ર સરકારનો પૂરતો સાથ મળ્યો તો ઓડિશા ખરેખર બહુ તેજીથી દેશની મુક્યધારામાં આવી શકે છે. ભાજપમાં ઓડિશાને લઈને ઉત્સવનો માહોલ છે, પાર્ટીમાં જગન્નાથ શબ્દ હાલના દિવસોમાં બહુ પ્રિય થઈ ગયો છે. પાર્ટીના નેતા જો માને છે કે તેમને ભગવાન જગન્નાથની ભૂમિની સેવાનો અવસર મળશે તો આ અવસર હાથમાંથી જવો ન જોઈએ.

## નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું વડાપ્રધાન મોદીએ ઉદ્‌ઘાટન કર્યું

# અગ્નિની જ્વાળાઓ પણ જ્ઞાનને નષ્ટ કરી શકે નહીં : વડાપ્રધાન



### નાલંદા તેના પ્રાચીન અવશેષોની નજીક પુનર્જીવનમાંથી પસાર થયું છે : આ નવું કેમ્પસ વિશ્વ સમક્ષ ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે : નરેન્દ્ર મોદી

પટણા, તા.૨૦

બિહારમાં આવેલી નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કર્યું છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે મને ત્રીજી ટર્મ માટે શપથ લીધા બાદ પહેલા ૧૦ દિવસમાં નાલંદા જવાની તક મળી છે. આ માત્ર મારું સૌભાગ્ય નથી, પરંતુ હું તેને ભારતની વિકાસ યાત્રાના શુભ સંકેત તરીકે પણ જોઉં છું. નાલંદા નામ નથી પરંતુ ઓળખ અને ગૌરવ છે.

પીએમ મોદીએ કહ્યું કે નાલંદા એ સત્યનું ઉદાહરણ છે કે પુસ્તકો અગ્નિની જ્વાળામાં ભલે બળી શકે, પરંતુ અગ્નિની જ્વાળાઓ જ્ઞાનને બાળી શકતી નથી. નાલંદા તેના પ્રાચીન અવશેષોની નજીક પુનર્જીવનમાંથી પસાર થયું છે. આ નવું કેમ્પસ વિશ્વ સમક્ષ ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે. વડાપ્રધાન મોદીએ જણાવ્યુ કે, નાલંદા બતાવશે કે જે રાષ્ટ્રો મજબૂત માનવીય મૂલ્યો પર ઊભેલા છે, તેઓ જાણે છે કે કેવી રીતે રાષ્ટ્રીય ઈતિહાસને પુનર્જીવિત કરીને સારા ભવિષ્યનો પાયો નાખવો. નાલંદા માત્ર ભારતના ભૂતકાળનું પુનર્જીવન નથી, તેની સાથે વિશ્વ અને એશિયાના ઘણા દેશોનો વારસો જોડાયેલો છે. અમારા ભાગીદાર દેશોએ પણ નાલંદા યુનિવર્સિટીના પુનર્નિર્માણમાં ભાગ લીધો છે. આ અવસર પર હું ભારતના તમામ મિત્ર દેશોને અભિનંદન આપું છું.

તેમણે કહ્યું કે પ્રાચીન નાલંદામાં બાળકોનો પ્રવેશ તેમની ઓળખ કે નાગરિકતાના આધારે કરવામાં આવતો ન હતો. દરેક દેશ અને દરેક વર્ગના યુવાનો અહીં આવતા હતા. નાલંદા યુનિવર્સિટીના આ નવા કેમ્પસમાં આપણે એ જ પ્રાચીન પ્રણાલીને ફરીથી મજબૂત કરવી પડશે. વિશ્વના ઘણા દેશોમાંથી વિદ્યાર્થીઓ અહીં આવવા લાગ્યા છે. આવનારા સમયમાં નાલંદા યુનિવર્સિટી ફરી એકવાર આપણા સાંસ્કૃતિક આદાન-પ્રદાનનું મુખ્ય કેન્દ્ર બનશે.

વડાપ્રધાને કહ્યું કે ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ છે. આજે ભારતમાં યોગની સેંકડો શૈલીઓ અસ્તિત્વમાં છે. આપણા ઋષિમુનિઓએ આ અંગે વ્યાપક સંશોધનો કર્યા હશે, પરંતુ યોગ પર કોઈએ ઈજારો નથી બનાવ્યો. આજે સમગ્ર વિશ્વ યોગને અપનાવી રહ્યું છે, યોગ દિવસ એક વૈશ્વિક તહેવાર બની ગયો છે. ભારત સદીઓથી એક મોડેલ તરીકે જીવે છે અને સ્થિરતા દર્શાવે છે. અમે પ્રગતિ અને પર્યાવરણને સાથે લીધા છે. એ અનુભવોના આધારે ભારતે વિશ્વને મિશન લાઈફ જેવી માનવતાવાદી દ્રષ્ટિ આપી છે.

તેમણે કહ્યું કે મારું મિશન છે કે ભારત વિશ્વ માટે શિક્ષણ અને જ્ઞાનનું કેન્દ્ર બને. ભારતને ફરીથી વિશ્વના અગ્રણી જ્ઞાન કેન્દ્ર તરીકે ઓળખાવવું જોઈએ. આજે સમગ્ર વિશ્વની નજર ભારત પર છે. તે ભારતના યુવાનો પર છે. વિશ્વ લોકશાહીની માતા બુદ્ધના આ દેશ સાથે ખભે ખભા મિલાવીને ચાલવા માંગે છે. વડાપ્રધાનો કહ્યુ કે નાલંદાની આ ભૂમિ વિશ્વ ભાઈચારાની લાગણીને નવી શરુઆત આપી શકે છે, તેથી નાલંદાના વિદ્યાર્થીઓની જવાબદારી પણ મોટી છે. વિદ્યાર્થીઓ ભારત અને સમગ્ર વિશ્વનું ભવિષ્ય છે. અમૃતકાલના આ ૨૫ વર્ષ ભારતના યુવાનો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. નાલંદા યુનિવર્સિટીના દરેક વિદ્યાર્થી માટે આ ૨૫ વર્ષ એટલા જ મહત્વપૂર્ણ છે. અહીંથી નીકળ્યા પછી વિદ્યાર્થીઓ જે પણ ક્ષેત્રમાં જાય, તેમના પર તેમની યુનિવર્સિટીના માનવીય મૂલ્યોની મહોર દેખાતી હોવી જોઈએ.

# મોદીએ નાલંદા યુનિવર્સિટીની વિરાસતને નજીકથી નિહાળી

### વર્ષ ૨૦૧૬માં નાલંદા યુનિવર્સિટીના ખંડેરો (અવશેષો)ને સંયુક્ત રાષ્ટ્રની હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવી હતી



પટણા, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના રાજગીરમાં ઐતિહાસિક નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું છે. અગાઉ સવારે નાલંદા યુનિવર્સિટી પહોંચીને વડાપ્રધાન મોદીએ સૌપ્રથમ યુનિવર્સિટીની જૂની વિરાસતને નજીકથી નિહાળી હતી. આ પછી તેઓ અહીંથી નવા કેમ્પસ પહોંચ્યા, જ્યાં તેમણે બોધિ વૃક્ષ વાવ્યું અને પછી નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું.

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૬માં નાલંદા યુનિવર્સિટીના ખંડેરો (અવશેષો)ને સંયુક્ત રાષ્ટ્રની હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવી હતી, ત્યારબાદ ૨૦૧૭માં યુનિવર્સિટીનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીનું નવું કેમ્પસ નાલંદાના પ્રાચીન ખંડેરોની જગ્યાની પાસે જ બનાવવામાં આવ્યું છે. આ નવા કેમ્પસની સ્થાપના નાલંદા યુનિવર્સિટી એક્ટ, ૨૦૧૦ દ્વારા કરવામાં આવી છે. ૨૦૦૭માં ફિલિપાઈન્સમાં યોજાયેલી બીજી ઈસ્ટ એશિયા સમિટમાં લેવાયેલા નિર્ણયોને અમલમાં મૂકવા માટે આ અધિનિયમની સ્થાપના કરવામાં આવી હતી.

નાલંદા યુનિવર્સિટીમાં બે એકેડમિક બ્લૉક છે, જેમાં ૪૦ ક્લાસરુમ છે. અહીં કુલ ૧૯૦૦ વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા છે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં બે ઓડિટોરિયમ પણ છે જેમાં ૩૦૦ બેઠકો છે. આ ઉપરાંત એક ઈન્ટરનેશનલ સેન્ટર અને એમ્ફીથિયેટર પણ બનાવવામાં આવ્યું છે, જેમાં ૨ હજાર લોકો બેસી શકે છે. આટલું જ નહીં, વિદ્યાર્થીઓ માટે ફેકલ્ટી ક્લબ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સહિત અન્ય ઘણી સુવિધાઓ છે. કેમ્પસમાં પાણીને રિસાયકલ કરવા માટેનો પ્લાન્ટ, ૧૦૦ એકર જળાશયો તેમજ ઘણી સુવિધાઓ છે જે પર્યાવરણને અનુકૂળ છે. નાલંદા યુનિવર્સિટીનો ભવ્ય ઈતિહાસ છે. તેની સ્થાપના લગભગ ૧૬૦૦ વર્ષ પહેલા પાંચમી સદીમાં થઈ હતી. અને ત્યારે નાલંદા યુનિવર્સિટી વિશ્વભરના વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતી. નિષ્ણાતોના મતે, ૧૨મી સદીમાં આક્રમણકારો દ્વારા આ યુનિવર્સિટીઓને નષ્ટ કરવામાં આવી હતી. લગભગ ૮૦૦ વર્ષ સુધી આ પ્રાચીન વિદ્યાલયએ ઘણા વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું હતું. નાલંદા યુનિવર્સિટીનો પાયો ગુપ્ત વંશના કુમાર ગુપ્તા દ્વારા નાખવામાં આવ્યો હતો. પાંચમી સદીમાં બનેલી પ્રાચીન યુનિવર્સિટીમાં લગભગ ૧૦ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, જેમના માટે ૧૫૦૦ શિક્ષકો હતા. મોટાભાગના વિદ્યાર્થીઓ એશિયાઈ દેશો ચીન, કોરિયા અને જાપાનથી આવતા બૌદ્ધ સાધુઓ હતા.

## નાલંદાનો આ વીડિયો વાયરલ થયો

# સંસદમાં ચરણસ્પર્શ પછી નીતિશે PM મોદીની આંગળીઓ તપાસી



### ત્યારબાદ મોદી અને નીતિશ હસતા નજર આવી રહ્યા છે

પટણા, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારના રાજગીરમાં ઐતિહાસિક નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું છે. આ અવસર પર એક કાર્યક્રમને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે, ત્રીજી વખત વડાપ્રધાનનો કાર્યકાળ સંભાળ્યાના ૧૦ દિવસમાં હું બિહારના નાલંદા પહોંચ્યો છું. નાલંદા આવવું એ મારું સૌભાગ્ય છે. પુસ્તકો ભલે આગની જ્વાળામાં સળગી ગયા હોય પરંતુ જ્ઞાનને નાબૂદ ન કરી શકાય. નાલંદાનું આ નવું કેમ્પસ માત્ર દેશને જ નહીં પરંતુ વિશ્વને પણ ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે. આ અવસર પર વિદેશ મંત્રી એસ. જયશંકરની સાથે જ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ હાજર જોવા મળ્યા હતા. નાલંદા યુનિવર્સિટીના આ કાર્યક્રમનો એક વીડિયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. તેમાં જોઈ શકાય છે કે, સીએમ નીતિશ ખૂબ જ જિજ્ઞાસાથી પીએમ મોદીની આંગળી જોતા નજર આવી રહ્યા છે. ત્યારબાદ બંને હસતા નજર આવી રહ્યા છે.

થોડા દિવસો પહેલા બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણસ્પર્શ કર્યા હતા. હવે નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસના ઉદ્ઘાટનના અવસર પર આયોજિત કાર્યક્રમમાં ઝરુ નીતિશ કુમાર મંચ પર પીએમ મોદીની આંગળીઓ તપાસતા નજર આવ્યા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, કેવી રીતે સીએમ નીતિશ કુમાર પીએમ મોદીનો હાથ પોતાના હાથમાં લઈને તેમની આંગળીઓ તપાસી રહ્યા છે. આ દરમિયાન તેમની વચ્ચે થોડી વાતચીત થઈ અને પછી બંને નેતાઓ હસે છે. હવે તેમનો આ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

સંસદમાં **NDA** નેતાઓની બેઠક દરમિયાન ગઠબંધનના તમામ ઘટક દળોના નેતાઓ સંસદમાં હાજર હતા. તે દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પીએમ મોદીના ચરણ સ્પર્શ કર્યા હતા. જોકે, પીએમ મોદીએ પૂરી નમ્રતા સાથે તેમને રોકવાનો પૂરો પ્રયાસ કર્યો હતો.

લોકોના એક વર્ગે સીએમ નીતીશ દ્વારા પીએમ મોદીના ચરણસ્પર્શવાની આકરી ટીકા કરી હતી. એક સમયે નીતિશ કુમારની નજીક રહેલા પ્રશાંત કિશોરે તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રશાંત કિશોરે કહ્યું હતું કે ૧૩ કરોડ લોકોના નેતા અમારું ગૌરવ અને સન્માન છે, પરંતુ આખા દેશ સામે ઝૂકીને મુખ્યમંત્રી બની રહેવા માટે આ વ્યક્તિ નરેન્દ્ર મોદીના ચરણસ્પર્શ કરી રહ્યા છે. જ્યારે તેમના હાથમાં જ કેન્દ્ર સરકારની ચાવી છે. આ વ્યક્તિએ મોદીના ચરણસ્પર્શ કરીને બિહારનું માથું શરમથી ઝૂકાવી દીધું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

નમ્રતા મનુષ્યને તેના પોતાના સ્વરૂપનું, દોષોનું અને સ્થિતિનું જ્ઞાન કરાવે છે.

- શ્રી રામશર્મા આચાર્ય

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૧૩ છત્રપતિ શિવાજી રાજ્યાભિષેક દિન તા.૨૦ જૂન ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧૩, અનુરાધા નક્ષત્ર, સાધ્ય યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ સવારે ૭:૪૯ ક. સુધી શુભ છે.


આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાઈ-બહેનનો સહકાર મળે. પર્યટન કે પ્રવાસનું આયોજન થાય.
વૃષભ:કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.
મિથુન:સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
કર્ક: સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકાય.
સિંહ: ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.
કન્યા: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
તુલા: ગૃહવિવાદ નિવારી શકશો. યશ-માન-કિર્તીમાં વધારો થાય.
વૃશ્ચિક:માનસિક અશ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
ધન: રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.
મકર: લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગતિ થાય.
કુંભ: વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.
મીન: પ્રવાસ ટાળવો હિતાવહ, કાર્યબોજ હળવો બને.

## ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા

# અયોધ્યા રામ મંદિર ખાતે ગોળીબારમાં જવાનનું મોત



### જવાનને આ ગોળી કેવી રીતે વાગી તે હજુ સ્પષ્ટ નથી થયું

અયોધ્યા, તા.૨૦

અયોધ્યામાં રામ મંદિરની સુરક્ષામાં તહેનાત સ્પેશિયલ સિક્યોરિટી ફોર્સના એક જવાનનું શંકાસ્પદ પરિસ્થિતિઓમાં ગોળી વાગવાથી મોત થઈ ગયું છે.

જવાનને આ ગોળી કેવી રીતે વાગી તે હજું સ્પષ્ટ નથી થયું. સૂચના મળતાં જ આઈજી-એસએસપી સહિત અનેક ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે જવાન આંબેડકર નગરનો રહેવાસી હતો. બુધવારે વહેલી સવારે અચાનક જ ગોળીબારના અવાજથી શ્રી રામ જન્મભૂમિ પરિસરમાં ખળભળાટ મચી ગયો છે. જવાનના મોતના સમાચાર મળતા જ તેમના ઘરમાં અફરા-તફરી મચી છે.

જવાનનું નામ શત્રુઘ્ન વિશ્વકર્મા હતું. તેમની ઉંમર લગભગ ૨૫ વર્ષ હોવાની માહિતી મળી રહી છે. ગોળીનો અવાજ સાંભળીને સ્થળ પર પહોંચેલા સાથી સુરક્ષાકર્મીઓએ તેમને ત્યાં લોહીથી લથપથ હાલતમાં જોયો અને તરત જ તેમને હોસ્પિટલ લઈ ગયા. ત્યાંથી ઘાયલ જવાનને ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યો હતો જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યો.

જવાનના મોતના સમાચારથી રામ મંદિર પરિસરમાં ખળભળાટ મચી ગયો છે. અયોધ્યાના આઈજી અને એસએસપી સહિત તમામ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે ફોરેન્સિક ટીમને પણ ત્યાં બોલાવી લીધી છે. ફોરેન્સિક ટીમે ઘટના સ્થળે તપાસ કરી હતી. આ મામલે જવાનના કેટલાક સાથીઓનું કહેવું છે કે, જવાન શત્રુઘ્ન વિશ્વકર્મા છેલ્લા કેટલાક દિવસોથી પરેશાન હતો. ઘટના પહેલા તે મોબાઈલ જોઈ રહ્યો હતો. પોલીસે શત્રુઘ્નનો મોબાઈલ પણ તપાસ માટે મોકલી આપ્યો છે

સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે જવાન પહેલાથી જ ડિપ્રેશનમાં હતો જેના કારણે આત્મહત્યાનો મામલો સામે આવી રહ્યો છે. જો કે, અધિકારીઓ પરિસરના **CCTV** ફૂટેજ અને નજીકમાં તહેનાત સૈનિકોની પણ પૂછપરછ કરી રહ્યા છે. જો કે, આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર નથી આવ્યું.

શત્રુઘ્ન વિશ્વકર્માને સ્પેશિયલ સિક્યોરિટી ફોર્સ **(SSF)**માં ૨૦૧૯માં જ નોકરી મળી હતી. આંબેડકર નગરના સમ્મનપુરના કઝપુરા ગામના રહેવાસી શત્રુઘ્ન રામ મંદિર પરિસરમાં તૈનાત હતા. **SSF**ની રચના ૪ વર્ષ પહેલા યોગી આદિત્યનાથ સરકારે મંદિરોની સુરક્ષા માટે કરી હતી.

# T20 વર્લ્ડ કપની સુપર ૮ મેચ માટે ભારતીય ટીમે પરસેવો પાડ્યો

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય ક્રિકેટ ટીમે **T20** વર્લ્ડ કપની સુપર-૮ મેચ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં ટીમ દ્વારા પ્રેક્ટિસ સેશનની કેટલીક તસવીરો પણ શેર કરવામાં આવી છે. ભારતીય ટીમ ગ્રુપ સ્ટેજમાં ત્રણ મેચ જીતીને સુપર-૮માં પહોંચી ગઈ છે, તેમજ ભારતની છેલ્લી લીગ મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. ભારતીય ટીમે તેની તમામ ગ્રુપ લીગ સ્ટેજની મેચ અમેરિકામાં રમી હતી, જ્યારે આગામી મેચ વેસ્ટ ઈન્ડિઝમાં રમવાની છે. બીસીસીઆઈ દ્વારા પોસ્ટ કટેલા એક વીડિયોમાં ખેલાડીઓ બાર્બાડોસમાં બીચ વોલીબોલ રમતા દેખાયા હતા.

# સરકારી ગોડાઉનમાં ઘઉંનો સ્ટોક ઘટીને ૧૬ વર્ષના નીચા સ્તરે પહોંચ્યો; ઘઉંના ભાવ ઊંચકાયા

## જો પરિસ્થિતિ યથાવત્ રહે છે તો કેન્દ્ર સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેની મફત અનાજ યોજનાની જરૂરિયાતોને પહોંચી વળવા ઘઉંની આયાત કરવી પડી શકે છે



નવી દિલ્હી, તા.૨૦

૧૬ વર્ષની નીચી સપાટીએ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) દ્વારા જાળવવામાં આવેલ ઘઉંનો સત્તાવાર ભંડાર ૧ જૂન સુધીમાં ૪.૭% ઘટીને ૨.૯૯ કરોડ (ટ્ટં) થઈ ગયો છે, જે એક વર્ષ અગાઉ ૩.૧૩ કરોડ ટન હતો. સત્તાવાર ડેટા દર્શાવે છે કે, કેન્દ્રીય ભંડારમાં અગાઉનો સૌથી ઓછો ઘઉંનો સ્ટોક ૧ જૂન, ૨૦૦૮ના રોજ ૨.૪૧ કરોડ ટન હતો. દૈનિક ભાસ્કરના જણાવ્યા અનુસાર છેલ્લા એક સપ્તાહમાં ઘઉંના ભાવમાં ૭%નો વધારો થયો છે અને આગામી ૧૫ દિવસમાં વધુ ૭% વધવાની ધારણા છે. સરકારે આ સિઝનમાં અત્યાર સુધીમાં ૨૬૪ લાખ ટન ઘઉંની ખરીદી કરી હોવા છતાં સરકારે ૩૭૨ લાખ ટનનો લક્ષ્યાંક રાખ્યો હતો. ખરીદીનો સમય પણ ૨૨ જૂન સુધી લંબાવવામાં આવ્યો છે, પરંતુ પ્રમાણમાં ઓછા પ્રમાણમાં ઘઉં ખરીદી કેન્દ્રો ઉપર પહોંચી રહ્યા છે. જો પરિસ્થિતિ યથાવત્ રહે છે તો કેન્દ્ર સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તેની મફત અનાજ યોજનાની જરૂરિયાતોને પહોંચી વળવા ઘઉંની આયાત કરવી પડી શકે છે. દૈનિક ભાસ્કર દ્વારા ટાંકવામાં આવેલા ભોપાલના સુનિલ અગ્રવાલના જણાવ્યા અનુસાર મિલરો રાક્ષાબંધનથી શરૂ થતી તહેવારોની સીઝન પહેલા ખુલ્લા બજારમાં સરકારી સ્ટોકની હરાજી માટે રાહ જોઈ રહ્યા છે. ખુલ્લા બજારમાં ઘઉંનો ભાવ ૨૬૦૦-૨૭૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે. આવી સ્થિતિમાં ૧૫ દિવસમાં કિંમત ૩ રૂપિયા વધી શકે છે. મોંઘા ઘઉં ખરીદીને બનેલો ઘઉંનો લોટ ૩૦-૩૧ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચવો પડશે. હાલ તે ૨૮ રૂપિયા છે. લોટના વધતા ભાવને રોકવા માટે સરકારે વેપારીઓ માટે સ્ટોક લિમિટ લાદી હતી અને તેઓ ૫૦૦૦ ક્વિન્ટલથી વધુ સ્ટોર કરી શકતા ન હતા. પરિણામે વેપારીઓ પાસે ઘઉં નથી. ભાવને કાબૂમાં રાખવા માટે સરકારે વર્ષમાં ઘણી વખત ખુલ્લા બજારમાં ઘઉંનું વેચાણ કર્યું હતું. જેના કારણે સરકારી શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. તાજેતરના ઘઉંના પાક ચક્ર દરમ્યાન ધુમ્મસ અને પવનને કારણે પ્રતિ એકર ઉત્પાદકતામાં ૫ ક્વિન્ટલનો ઘટાડો થયો છે. સામાન્ય સ્થિતિમાં ઉપજ ૨૦ ક્વિન્ટલ સુધી હોય છે. મધ્યપ્રદેશમાં ગત વખત કરતા ૨૨.૬૬ લાખ ટન ઓછી ખરીદી થઈ છે. રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆતથી ઘઉંનો સ્ટોક ઘટી રહ્યો છે. ઘઉંના વધતા ભાવ અંગે ટિપ્પણી કરતા કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેને કહ્યું, 'મોદી નહીં, મોંઘવારી ૩.૦ છે.'

# જો ફરીથી ચૂંટાશે તો અમેરિકાના ઈતિહાસમાં 'સૌથી મોટા દેશનિકાલનું ઓપરેશન' શરૂ કરવાનું ડોનાલ્ડ ટ્રમ્પે વચન આપ્યું

નવી દિલ્હી, તા.૨૦

પૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૪ની રાષ્ટ્રપતિની રેસ માટે રિપબ્લિકન ઉમેદવાર છે, તેમણે વચન આપ્યું છે કે, જો તેઓ ફરીથી સત્તા ઉપર ચૂંટાશે તો અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ કામગીરી હાથ ધરવામાં આવશે. મિશિગનમાં એક સંમેલનને સંબોધતા ટ્રમ્પે સમર્થકોને નવેમ્બરની ચૂંટણીમાં એવા રાષ્ટ્રપતિ માટે મત આપવાનું આહ્વાન કર્યું જે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને દેશની બહાર ફેંકી દેશે. તેમણે કહ્યું કે, નવેમ્બરમાં દરેક મતદાતાની પસંદગી સ્પષ્ટ છેઃ તમારી પાસે એવા રાષ્ટ્રપતિ હશે જે હજારો કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને આપણા દેશમાં પ્રવેશ આપે રોકે અથવા તમે એવા રાષ્ટ્રપતિ પસંદ કરવાનું નક્કી કરી શકો કે જે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને આપણા દેશની બહાર ફેંકી દેશે. તેમણે કહ્યું કે, મારા નવા વહીવટના પ્રથમ દિવસે અમે અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ કામગીરી શરૂ કરીશું. અમારી પાસે કોઈ વિકલ્પ નથી. ટ્રમ્પની આ ટિપ્પણીઓ ત્યારે કરવામાં આવી છે જયારે રિપબ્લિકન શિબિર 'સ્થાયી આક્રમણ'ને પ્રકાશિત કરવાનો પ્રયાસ કરી રહી છે. ટ્રમ્પ અને તેમના સમર્થકો ચૂંટણી પહેલા એક વાર્તા દર્શાવી રહ્યા છે કે, ડેમોક્રેટિક પ્રમુખ જો બિડેને ઈમિગ્રન્ટ્સ માટે યુએસ આવવાનું સરળ બનાવ્યું છે. તેઓ આ સ્થળાંતર કરનારાઓ દ્વારા કરવામાં આવતા ગુનાઓને 'બાઈડેન દ્વારા સ્થળાંતરિત ગુના' તરીકે ઓળખે છે. ચૂંટણીના ભાગરૂપે અનેક પ્રસંગોએ ટ્રમ્પે તેમની ઈમિગ્રન્ટ વિરોધી નીતિઓ રજૂ કરી છે, જેમાં ઈમિગ્રન્ટ્સને સંપૂર્ણ રીતે અસ્વીકાર કરવાની હાકલ કરવામાં આવી છે. તેઓએ ISIS સાથે શંકાસ્પદ કડીઓ સાથે આઠ લોકોની તાજેતરની ધરપકડનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે કહ્યું કે, અમારો દેશ ક્યારેય જોખમમાં નથી રહ્યો જેવો તે અત્યારે જોખમમાં છે. તેમણે દાવો કર્યો કે, હજારો આતંકવાદીઓ યુએસમાં ઘૂસી રહ્યા છે અને આપણા દેશને આકરી કિંમત ચૂકવવી પડશે. એપ્રિલમાં તેમણે યુ.એસ.માં વસાહતીઓને 'પ્રાણીઓ' તરીકે વર્ણવ્યા હતા અને કહ્યું હતું કે, તેઓ આપણા દેશના લોહીમાં ઝેર ભેળવી રહ્યા છે.

# બેઠકોમાં ફાયદો અને નુકસાન છતાં ૨૦૧૯થી ભાજપ અને કોંગ્રેસના વોટ શેરમાં ફરક નજીવો

## લોકસભાના પરિણામોમાં જોવા મળેલો રાજ્યવારમાં મત શેરના વિરોધાભાસમાં, ભાજપનો વોટ શેર એકંદરે ૧%થી ઓછો ઘટ્યો, જ્યારે કોંગ્રેસનો વોટ શેર ૧.૫૩% વધ્યો

નવી દિલ્હી, તા.૨૦

લોકસભાની ચૂંટણીમાં આ વખતે વિરોધાભાસી પરિણામ આવ્યું, જેમાં ભાજપ અને કોંગ્રેસ સહિતના પક્ષોના વોટ શેરમાં માત્ર નજીવો તફાવત જોવા મળ્યો પરંતુ તેમની જીતની બેઠકોની સંખ્યામાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો છે. ભાજપે જીતેલી બેઠકોની સંખ્યા ૨૦૧૯માં ૩૦૩થી ઘટીને ૨૦૨૪માં ૨૪૦ થઈ ગઈ છે. જો કે, ૨૦૧૯થી પાર્ટીના વોટ શેરમાં ૧ ટકાથી ઓછો ઘટાડો થયો છે. ૨૦૧૯માં પાર્ટીનો વોટ શેર ૩૭.૩૬% હતો અને ૨૦૨૪માં, તે ૩૬.૫૬% છે. તે જ રીતે, કોંગ્રેસે ૨૦૨૪માં ૨૧.૧૯% વોટ શેર સાથે ૯૯ બેઠકો જીતીને ૪૭ વધુ બેઠકો જીતી છે. ૨૦૧૯માં ૧૯.૬૬% વોટ શેર સાથે તેણે ૫૨ બેઠકો જીતી હતી.

**બીજા રાજ્યોમાં પણ આવો જ ટ્રેન્ડ છે**

દાખલા તરીકે, આંધ્ર પ્રદેશમાં, તેલુગુ દેશમ પાર્ટી (TDP) એ રાજયની ૨૫ લોકસભા બેઠકોમાંથી ૧૬ બેઠકો જીતી હતી. ૨૦૧૯માં તેની માત્ર ૩ બેઠકો હતી. જો કે, તેનો મત શેર ૪૦.૧૯%થી ઘટીને ૩૭.૭૯% થયો છે.



**આ વિરોધાભાસ શું સમજાવે છે ?**

પક્ષોના રાજયવાર વોટ શેરને જોતા રાજકીય વિશ્લેષક બદ્રી નારાયણે દલીલ કરીને કહ્યું, "તેમના વોટ શેરમાં રાષ્ટ્રીય સ્તરે માત્ર ૧%નો ઘટાડો થયો હશે પરંતુ ઉત્તર પ્રદેશમાં તે નોંધપાત્ર ૮% ઘટ્યો છે. દક્ષિણના અન્ય રાજ્યોમાં તેમના પ્રદર્શનને આવરી લેવામાં આવતું હોવાથી તેમના કુલ વોટ શેરમાં વધારો દેખાય છે." યુપીમાં જ્યાં ભાજપની બેઠકો સૌથી વધુ ઘટી છે - ૨૦૧૯માં ૬૨ હતી જે ૨૦૨૪માં ૩૩ થઈ ગઈ છે. તેનો મત હિસ્સો પણ ૨૦૧૯માં ૪૯.૯૮%થી ૨૦૨૪માં ૪૧.૩૭% ઉપર આવી ગયો છે. સમાજવાદી પાર્ટી (SP)ની બેઠકો ૨૦૧૯માં માત્ર પાંચ હતી જે ૨૦૨૪માં ૩૭ થઈ છે. તેનો વોટ શેર ૨૦૧૯માં ૧૮.૧૧% હતો જે ૨૦૨૪માં લગભગ ૨૦% પોઈન્ટ વધીને ૩૭% થયો છે. છતાં, યુપીમાં ભાજપના વોટ શેરમાં ૮%થી વધુ પોઈન્ટનો ઘટાડો અન્ય રાજ્યોમાં તેના વોટ શેરમાં થયેલા વધારા દ્વારા આંશિક રીતે આવરી લેવામાં આવ્યો હશે. દાખલા તરીકે, તમિલનાડુમાં, જ્યાં ભાજપે એકપણ બેઠક જીતી નથી, તેનો વોટ શેર ૨૦૧૯માં ૩.૬૬%થી વધીને ૨૦૨૪માં ૧૧.૨૪% થયો છે. તેવી જ રીતે, ઓડિશામાં, ભાજપનો વોટ શેર ૨૦૧૯માં ૩૮.૪% થી વધીને ૨૦૨૪માં ૪૫.૩૪% થયો છે. આ રદ કરવાની અસર છે તેવી દલીલ કરતાં કેન્દ્રીય અભ્યાસ ડેવલપિંગ સોસાયટીઝ (CSDS)ના સંશોધનકર્તા અભિનવ પી. બોરબોરાએ કહ્યું કે, "જો કોઈ પક્ષ એક મતવિસ્તારમાં અપ્રમાણસર રીતે ઊંચી મતદાન ટકાવારી ધરાવે છે, ભલે તે અન્ય કોઈ મતવિસ્તારમાં જીતી ન શકે, તો તેનો એકંદર મત હિસ્સો વધે છે, જે તે ખરેખર જીતેલી બેઠકોની સંખ્યાને પ્રતિબિંબિત કરે છે તે જરૂરી નથી. તેવી જ રીતે, શક્ય છે કે કેટલીક બેઠકો ઉપર, પક્ષ નાના માર્જિનથી હારે છે, અને કેટલીક બેઠકો ઉપર ખૂબ મોટા માર્જિનથી જીતે છે, જેના પરિણામે સારો વોટ શેર થાય છે. તદુપરાંત, ભાજપે ૪૪૧ બેઠકો ઉપર ચૂંટણી લડી હતી, જ્યારે કોંગ્રેસે ૩૨૯ ઉપર ચૂંટણી લડી હતી. તેથી, તેનો એકંદર મત હિસ્સો માત્ર તેટલી વધુ બેઠકો ઉપર લડવાને કારણે વધારે હશે. તેથી, પ્રાધાન્યરૂપે અન્ય સૂચકો ઉપરાંત, પક્ષના પ્રદર્શનના સૂચક તરીકે વોટ શેરનો ઉપયોગ સાવધાનીપૂર્વક કરવો જોઈએ."

**પ્રાદેશિક પક્ષો**

પશ્ચિમ બંગાળમાં ટીએમસી, તેની બેઠકોની સંખ્યા ૨૦૧૯માં ૨૨ હતી તેને ૨૦૨૪માં ૨૯ કરવામાં સફળ રહી, તેનો વોટ શેર ૪૩.૩%થી વધીને ૪૫.૭૬% થયો છે. ભાજપની સંખ્યા ૨૦૧૯માં ૧૮ હતી તે ૨૦૨૪માં ઘટીને ૧૨ થઈ, રાજ્યમાં તેનો વોટ શેર ૪૦.૭%થી ઘટીને ૩૮.૭૩% થયો છે. તમિલનાડુમાં, ડીએમકેનો વોટ શેર ૨૦૧૯માં ૩૩.૫૨%થી ઘટીને ૨૦૨૪માં ૨૬.૯૩% થયો હતો અને તેણે જીતેલી બેઠકોની સંખ્યા ૨૪થી ઘટીને ૨૨ થઈ ગઈ હતી. ભાજપે, અગાઉ જણાવ્યા મુજબ, રાજ્યમાં તેનો વોટ શેર લગભગ ૮% જેટલો વધાર્યો હતો. ભલે તે બેઠકોની દૃષ્ટિએ ખાતું ખોલવામાં નિષ્ફળ ગઈ હોય. ઓડિશામાં, બીજુ જનતા દળ (બીજેડી), જેની ૨૦૧૯માં ૮ બેઠકો હતી તે આ વખતે શૂન્ય પર આવી ગઈ હતી. તેનો વોટ શેર ૪૨.૮%થી ઘટીને ૩૭.૫૩% થયો હતો. ભાજપે રાજ્યમાં ૮ થી ૨૦ બેઠકો ઉપર કબજો મેળવ્યો અને તેનો વોટ શેર ૩૮.૪%થી વધીને ૪૫.૩૪% થયો હતો. મહારાષ્ટ્રમાં અજિત પવારની આગેવાની હેઠળની NCPએ માત્ર એક બેઠક જીતી હતી, તેને ૩.૬% વોટ શેર મળ્યો હતો. શરદ પવારની આગેવાની હેઠળના જૂથે ૮ બેઠકો જીતી અને ૧૦.૨૭% વોટ શેર મેળવ્યો છે. દરમ્યાન રાજ્યમાં કોંગ્રેસ અને ભાજપે જીતેલી બેઠકો અને વોટ શેર વચ્ચેની વિસંગતતાની સમાન વિરોધાભાસી પરિસ્થિતિ સર્જે છે. જ્યારે કોંગ્રેસે ભાજપ દ્વારા જીતેલી ૯ બેઠકોની સામે ૧૩ બેઠકો જીતી હતી પણ તે વોટ શેરની દ્રષ્ટિએ પાછળ રહી હતી, ભાજપને ૨૬.૧૮% વોટ શેર મળ્યો હતો, જ્યારે કોંગ્રેસનો વોટ શેર ૧૬.૯૨% હતો.

# તબીબ બનવા માટે જરૂરી NEET પરીક્ષામાં ગોટાળા, વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ભ્રષ્ટાચારની રમત

## ગુજરાતમાંથી પકડાયેલા કૌભાંડનો રેલો રાષ્ટ્રીય સ્તરે ગાજ્યો, સુપ્રીમ કોર્ટને કરવી પડી દરમ્યાનગીરી. અત્યારસુધીનું સૌથી મોટું અને ચોંકાવનારૂં કૌભાંડ, પરીક્ષામાં પેપર લીક કે પછી નેશનલ ટેસ્ટીંગ એજન્સીની ગુનાહિત બેદરકારી ? લાખો વિદ્યાર્થીઓના જીવ અદ્ધર. પેપર લીક અને શિક્ષણ વિભાગમાં કૌભાંડની ઘટમાળ ક્યારે અટકશે ? કૌભાંડ કરીને પરીક્ષામાં પાસ થનાર તબીબો કેવા બનશે ? જાણો નીટ કૌભાંડે દેશને કેવી રીતે માથે લીધું

માન્યામાં ના આવે તેવી ઘટના નેશનલ એલિજીબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ)ની પરીક્ષામાં બની છે અને આ બાબતે દેશની સર્વોચ્ચ અદાલતને દરમ્યાનગીરી કરવાનો વારો આવ્યો છે. એટલું જ નહી દેશના વિદ્યાર્થીઓથી લઈને રાજકીય પક્ષો દ્વારા આ મુદ્દો જોરશોરથી ઉઠાવવામાં આવ્યો છે. તબીબ બનવા માટે જરૂરી એવી નીટ-યુજી એટલે કે અન્ડરગ્રેજ્યુએટ પરીક્ષામાં એક સાથે ૬૭ વિદ્યાર્થીઓ ૭૨૦માંથી ૭૨૦ જેટલા ગુણ સાથે ટોપર થતા અને હરિયાણાના એક પરીક્ષા કેન્દ્રના છ વિદ્યાર્થીઓ ટોપર રહેતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો અને આ પરીક્ષાની પવિત્રતા વિશે ખુદ સુપ્રીમ કોર્ટ દ્વારા સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ) નામની સ્વાયત્ત સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૭ આ પરીક્ષા લેવામાં આવે છે અને તેની પારદર્શકતા બાબતે સવાલો ઉઠી રહ્યા છે. પેપર લીક થયા હોવા બાબતે પણ ભારે બુમરાણ મચી રહી છે ત્યારે ગુજરાતથી શરૂ થયેલા નીટ પરીક્ષાના કૌભાંડનો રેલો સમગ્ર દેશમાં પહોંચ્યો છે તેના વિશે આજે આપણે વાત કરીશું.

**● શું છે સમગ્ર નીટ કૌભાંડ :-**

મિત્રો તમારે એમબીબીએસ બનવું હોય કે બીજા મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવો હોય તો તેના માટે નીટ અન્ડર ગ્રેજ્યુએટની પરીક્ષા આપવાની હોય છે. તેના માટે વિદ્યાર્થીઓ વર્ષો સુધી કલાકોની મહેનત કરતા હોય છે અને અને નીટના સ્કોરના આધારે તેમનું તબીબી ક્ષેત્રમાં ભવિષ્ય નક્કી થતું હોય છે. આ પરીક્ષામાં આ વખતે ૨૩ લાખ વિદ્યાર્થીઓએ પોતાનું નસીબ અજમાવ્યું હતું. તેનું રિઝલ્ટ આમ તો તા. ૧૪ જૂનના રોજ જાહેર થનાર હતું પરંતુ આશ્ચર્યજનક રીતે ૪ જૂન એટલે કે લોકસભા ઈલેક્શન રીઝલ્ટના દિવસે જાહેર કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ તો આ ટાઈમીંગ શંકા ઉપજાવે છે કારણ કે, લોકસભા ઈલેકશનના શોરબકોર વચ્ચે નીટ રીઝલ્ટની કરામતો દબાઈજાય. જો કે તેવું થયું નથી. આ બાબતે જાગૃત વિદ્યાર્થીઓ અને સંસ્થાઓએ સવાલો ઉઠાવ્યા હતા અને તે ઉઠવા સ્વાભાવિક હતા. સૌ પહેલા તો ૬૭ વિદ્યાર્થીઓ એવા હતા કે જેઓ ટોપર હતા અને તેઓને પૂરા ૭૨૦ માર્ક સાથે પાસ થયા હતા. હવે સવાલ એ આવે છે કે, ઈતિહાસમાં આટલા બધા વિદ્યાર્થી પ્રથમ વખત ટોપર રહ્યા છે. પાછલા વર્ષોના રિઝલ્ટ જોઈએ તો બે થી ચાર વિદ્યાર્થીઓના જ આ રીતે નસીબ ઝળક્યા હતા. વળી પાછા




૬૭ ટોપરમાંથી ૪૫ વિદ્યાર્થીઓને 'ટાઈમ લોસ'ના આધારે ગ્રેસ માર્ક આપી દેવાયા હતા. આ ઉપરાંત છ ટોપર વિદ્યાર્થીઓ હરિયાણાના જઝ્ઝર ખાતેના એક જ પરીક્ષા કેન્દ્રના હતા. કુલ મળીને ૧૫૬૩ વિદ્યાર્થીઓને કોઈને કોઈ કારણસર એટલે કે ટાઈમ લોસ કે આન્સર કીમાં તફાવતોના આધારે ગ્રેસ માર્ક આપી દેવાયા હતાઆથી ભારે હોબાળો થયો હતો અને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. આ પરીક્ષા લેનાર સંસ્થા નેશનલ ટેસ્ટીંગ એજન્સી એટલે કે એનટીએ શંકાના દાયરામાં આવી ગઈ હતી. ખુદ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને વિવાદમાં ખુલાસો કરવા માટે ઝંપલાવવું પડ્યું હતું. ગત ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આ ગ્રેસ માર્ક રદ કરી દેવાની બાંહેધરી આપવામાં આવી હતી. આથી જે વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક સિવાયના માર્ક સ્વીકારવા પડે અથવા તો બીજી એક્ઝામ આપવી પડશે તેવી દલીલો સર્વોચ્ચ અદાલતમાં કરવામાં આવતા અદાલતે ગ્રેસ માર્ક રદ કરવાની દરખાસ્તને સ્વીકારી હતી. હજુ મામલો પેન્ડીંગ છે. વળી આ મામલો રાજકીય રંગ પકડી રહ્યો છે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મામલો સંસદમાં ઉઠાવવાની બાંહેધરી વિદ્યાર્થીઓને આપી છે.

**● પેપરલીક કે પછી બેદરકારી ?**


આ સમગ્ર કૌભાંડમાં પેપર લીકની શક્યતાઓ હોવાનો લોકો દાવો કરી રહ્યા છે. અલબત્ત કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ આ બાબત નકારી કાઢી છે અને એનટીએ પણ સ્વીકારવા તૈયાર નથી પરંતુ બિહારના પટણાની પોલીસે સંભવિત પેપર લીક મામલે ૧૯ જેટલા લોકોની ભરતી કરી છે. તેઓની સામે આક્ષેપ છે પરીક્ષા પહેલા તેમની પાસે કેટલાક પેપર આવ્યા હતા અને તેના આન્સર ગોખવા માટે વિદ્યાર્થીઓને એક જગ્યાએ ભેગા કરવામાં આવ્યા હતા. આથી વિદ્યાર્થીઓ ગોખેલા જવાબો આપી શકે. આયુષ નામના એક વિદ્યાર્થીએ પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે પરીક્ષાના આગલા દિવસે એટલે કે ગત તા. ૪ મેના રોજ તેઓને એક જગ્યાએ ભેગા કરવામાં આવ્યા હતા અને તમામ પ્રશ્નોના જવાબો ૧૦૦ ટકા માર્કસ સાથે આપવામાં આવ્યા હતો તેની સાથે બીજા ૨૦થી ૨૫ ઉમેદવારો પણ હતા. પટના પોલીસે ત્રણ શંકાસ્પદોની ધરપકડ કરી હતી. જેઓએ પોતાના પ્રાથમિક નિવેદનમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ સાથે તેઓએ સેટીંગ કર્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસે જ્યાં વિદ્યાર્થીઓને પરીક્ષાના આગલા દિવસે ભેગા કરવામાં આવ્યા હતા ત્યાંથી બળેલા કાગળના ટુકડા પણ કબજે કર્યા હતા. આ બાબતે વિદ્યાર્થી દીઠ રૂા.૨૦ લાખની ડીલ થઈ હતી. રાજસ્થાનમાં પણ આ બાબતે આક્ષેપ થઈ રહ્યા છે કે એક એક્ઝામ સેન્ટરમાં જવાબ ટીક કરેલા પ્રશ્નપત્રો આપવામાં આવ્યા હતા પરંતુ પછી તે પાછા લઈ લેવાયા હતા. ખાસ કરીને હરિયાણાના અમુક એક્ઝામ સેન્ટરના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા હાઈસ્કોર શંકાના દાયરામાં છે. જો કે એનટીએ દ્વારા સંપૂર્ણ પારદર્શક સિસ્ટમ અપનાવવામાં આવી હોવાનું જણાવવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થીઓને શક્ય ના હોય તેટલા માર્ક આપવામાં આવ્યા છે. જ્યારે કેટલાક ધોરણ-૧૨મા માંડ પાસ થયા હોય તેઓએ નીટમાં હાઈ સ્કોર કર્યો છે. ઉલ્લેખનીય છે કે, સરકારી નોકરી હોય કે શિક્ષણની પ્રવેશ પરીક્ષા, આ તમામમાં પેપર લીક થવાની ઘટનાએ તેજસ્વી વિદ્યાર્થીઓને નિરાશ કર્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ૪૧ જેટલી પેપર લીકની ઘટનાઓ બની હોવાનું એક અંગ્રેજી અખબારે અહેવાલ છાપ્યો છે. આમ પેપર લીકના કારણે ડફોળ લોકો આગળ આવી જાય જ્યારે મહેનત કરનારા જોતા રહે તેવો ઘાટ સર્જાયો છે.

**● ગુજરાતમાં શું થયું હતું ?**

નીટની પરીક્ષા ગોધરાની જય જલારામ સ્કૂલ ખાતે યોજાવાની હતી. જોકે ત્યાર પહેલા જ આ પરીક્ષામાં ગેરરીતિ કરાવવાના હોવાની કલેક્ટરને માહિતી મળતાં જ સર્તક થયા હતા અને જિલ્લા શિક્ષણાધિકારી સહિતની ટીમને તપાસ માટે મોકલી આપી હતી. શિક્ષણાધિકારી સહિતની ટીમે પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડન્ટ તુષાર ભટ્ટને બોલાવી પૂછપરછ કરતાં જ પરીક્ષામાં પાસ કરાવવા માટે રૂપિયા દસ લાખ લેવાના હોવાનાકૌભાંડનો પર્દાફાશ થયો હતો. શિક્ષણાધિકારીએ ગોધરા તાલુકા પોલીસ મથકે શિક્ષક તુષાર ભટ્ટ, વડોદરાની રોય ઓવરસીઝના પરશુરામ રોય અને ગોધરાના ભાજપના આગેવાન આરીફ વોરા સામે ફરિયાદ નોંધાવી હતી. આંતર રાજ્ય કૌભાંડનો પણ પર્દાફાશ થવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. પંચમહાલ જિલ્લા કલેકટર આશિષકુમારને ગોધરાની જય જલારામ સ્કૂલમાં નીટની પરીક્ષામાં સ્કૂલના શિક્ષક તુષાર ભટ્ટ ગેરરીતિ આચરવાના હોવાની બાતમી મળી હતી. જેથી કલેકટરે અધિક નિવાસી કલેકટર અને જિલ્લા શિક્ષણાધિકારીને તપાસ કરવાની સૂચનાઓ આપી હતી. શિક્ષણાધિકારી અને પોલીસની ટીમ જય જલારામ સ્કૂલ પહોંચીને સ્કૂલના ચાર શિક્ષકોની પૂછપરછ કરીને તેમના મોબાઈલ કબજે લીધા હતા. જેમાં પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડન્ટ તુષાર ભટ્ટના બે મોબાઈલ પણ કબજે લીધા હતા. તપાસ ટીમે અન્યના મોબાઈલ આપીને પરીક્ષાની કામગીરીમાં મોકલી આપ્યા હતા. દરમ્યાન તુષાર ભટ્ટના મોબાઈલની તપાસ હાથ ધરી હતી. જેમાં રોય ઓવરસીઝ નામની વોટસ એપ ચેટીંગ મળી આવી હતી. જેમાં જે પરીક્ષાર્થીઓના પાસ કરવાના હતા તેઓના રોલ નંબર લખેલા મળી આવ્યા હતા. જેથી તપાસ ટીમને શંકા જતાં તેઓની સઘન પૂછપરછ હાથ ધરતાં જ તુષાર ભટ્ટ પોપટની જેમ બધી જ કબૂલાત કરી હતી. તુષારે પોતાના નિવેદનમાં જ એક પરીક્ષાર્થીને પાસ કરવા રૂા.૧૦ લાખ નક્કી કર્યા હતા હોવાની કબૂલાત કરી હતી. જેમાં પ્રશ્નપત્ર વડોદરા ખાતે રોય ઓવરસીઝના માલિક પરશુરામ રોયને મોકલવાના હતા. જ્યાં પેપરના જવાબ લખીને પરત આવે તો જે પરીક્ષાર્થીઓના પૈસા આવવાના હતા. તેઓની ઓએમઆર શીટમાં જવાબ લખીને સીલ કરવાના હતા. પણ ગેરરીતિ આચરે તે પહેલા સમગ્ર કૌભાંડ પકડાઈ ગયું હતું. પરીક્ષા શરૂ થતાં પેપરનો ફોટો વડોદરા મોકલાતો, એક્સપર્ટ જવાબ લખી પરત મોકલે એવું નક્કી હતું. આ કૌભાંડમાં રાજ્ય બહારના વિદ્યાર્થીઓ લાભાર્થીઓ હતા. આથી વિદ્યાર્થી અને વાલીઓની પૂછપરછ કરીને તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે ત્યારે ગુજરાતમાં પણ આવી પોલંપોલ ચાલતી હોવાના ખુલાસાથી શિક્ષણ જગત સ્તબ્ધ થઈ ગયું છે.

# ઉનામાં આંગડીયા પેઢીના કર્મચારીની લુંટના આરોપીને અન્ય ગુન્હામાં અમદાવાદ પોલીસે ઝડપી લીધો

## ઉના પોલીસ આરોપીનો કબ્જો મેળવવા અમદાવાદ જશે




ઉના તા. ૨૦

ઉના શહેરમાં ગત તા.૧૯/૧૦/૨૧ના રોજ વહેલી સવારે સોમાભાઈ રામદાસ આંગડિયા પેઢીના કર્મચારી ઊના બસ સ્ટેશનમાં દીવ ભાવનગર રૂટની બસમાં જવા માટે ચડતા હતા ત્યારે કોઈ અજાણ્યા ઈસમ એ બુકાની મોઢે બાંધેલ તેણે આ કર્મચારી પાસે રહેલ થેલાની લૂંટ કરી નાસી ગયો હતો. આ થેલામાં રોકડ રૂપિયા, હીરાના પેકેટો, સોનાના દાગીના, મળી કુલ રૂપિયા ૬૦ લાખ ૮૦ હજાર ૨૫૦/ની લૂંટ થયાની પોલીસ ફરિયાદ દાખલ કરી હતી.

આ બનાવમાં પોલીસે થોડા દિવસોમાં પાંચ આરોપીઓને રૂા.૧૭ લાખ ૫૭ હજાર ૮૫૦ નાં મુદામાલ રિકવર કરેલ હતો. આ લૂંટના ગુનાનો આરોપી મૌલિકસિહ ઉર્ફે મુન્નાબાપુ રણમલસિંહ વાઢેર (ઉ.વ.૪૦) રે. ગામ રણોદ,તા. શંખેશ્વર, જિલ્લો પાટણ જે મોટર કાર ચલાવતો હતો જે ફરાર હતો. અને તેની સામે અમદાવાદ પોલીસ સ્ટેશનમાં ગત ૨૦૨૩ના વર્ષમાં ગેરકાયદેસર હથિયાર રાખવાનો ગુનો ડી.સી.બી. પોલીસ સ્ટેશન અમદાવાદમાં ધી.આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧), બી. ઓ. ૨૯ તથા જીપીએક્ટ ૧૩૫ મુજબ દાખલ હતો. પોલીસે તેને પકડવા રૂા.૧૦,૦૦૦/નું ઈનામ જાહેર કરેલ હતું. અમદાવાદ સીટી ક્રાઈમ બ્રાન્ચની પોલીસને બાતમી મળેલ કે આરોપી મૌલિકસિંહ મધ્યપ્રદેશમાં ઈન્દોર જિલ્લાના મેવજી તાલુકાના ગામ જામખા, જામ ગેટમાં પોતાની ઓળખ છૂપાવી રહેતો હતો. આ આરોપી અમદાવાદ આવ્યાની જાણ અમદાવાદ સીટી ક્રાઈમ બ્રાન્ચની પોલીસને થતાં અમદાવાદમાંથી પકડી પાડયો હતો. આમ ઊનાની આંગડિયા પેઢીની લૂંટનો વધુ એક આરોપી પકડી લીધો હતો અને ટૂંક સમયમાં ઊના પોલીસ તેનો કબજો લેવા અમદાવાદ જશે તેવું સુત્રોમાંથી જાણવા મળેલ છે.

# ખુનની કોશિષના ગુન્હામાં આરોપીને જામીન મુકત કરવા કોર્ટનો હુકમ

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢની એડીશ્નલ સેશન્સ કોર્ટે ખુનની કોશિષ અંગેના ગુન્હામાં આરોપીની જામીન અરજી મંજુર કરી જમીન ઉપર મુકત કરવા હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, તા.૧૬-૨-૨૪ ના રોજ સાહેદ ચેતનભાઈ અગ્રાવત પોતાની પિયાગો રીક્ષા લઈને નીચલા દાતાર ખાત ગયેલ હતા જયા આરોપી જીલુભાઈ ભીખુભાઈ વાઘેલા સાથે અગાઉના મનદુઃખ બાબતે બોલાચાલી થતાં ચેતનભાઈ અગ્રાવતને આરોપી જીલુભાઈ ભીખુભાઈએ ઉપરા છાપરી છરીના ઘા મારી જીવલેણ ઈજાઓ કરેલ હતી. આ બનાવ અંગે જૂનાગઢ એ-ડીવી. પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૦૭, ૩૨૪, ૨૯૪(બી) તથા જીપી એક્ટ -૧૩૫ અંતર્ગત ગુન્હો દાખલ થયેલ હતો. ત્યારબાદ આરોપી જીલુભાઈની પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કરેલ. ત્યારબાદ આરોપી સામે જૂનાગઢ કોર્ટમાં પોલીસે ચાર્જશીટ રજુ કરતા. આરોપીએ જામીન મુકત થવા માટે એડીશ્નલ સેશન્સ કોર્ટમાં અરજી કરતા નામદાર કોર્ટે ફરીયાદ પક્ષે સરકારી વકીલ તથા આરોપી તરફે એડવોકેટ બી.એન. મેનોનની દલીલો સાંભળી આરોપી જીલુભાઈ ભીખુભાઈ વાઘેલાને શરતોને આધીન રૂા.૧૫૦૦૦ ના જામીન ઉપર મુકત કરવા હુકમ કરેલ છે.

### કંપની આ મામલે પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહી

# મેટ્રિમોનિયલ વેબસાઈટ દુલ્હન શોધી ના શક્તા યુવકે કર્યો કેસ

## જિલ્લા ગ્રાહક નિવારણ ફોરમનો વળતર ચૂકવવા આદેશ

એર્નાકુલમ, તા.૨૦

કેરળના એર્નાકુલમ જિલ્લામાં એક શખસને દુલ્હન શોધી ન આપવા બદલ મેટ્રિમોનિયલ વેબસાઈટને જિલ્લા ગ્રાહક નિવારણ ફોરમે રૂ. ૨૫ હજારનું વળતર ચૂકવવા આદેશ આપ્યો છે. આ સાથે ફોરમે તે વ્યક્તિને થયેલો કાયદાકીય ખર્ચ ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આ શખસનો આરોપ હતો કે, મેટ્રિમોનિયલ વેબસાઈટ કેરળ મેટ્રિમોનીએ દુલ્હન શોધી આપવાની પોતાની પ્રતિબદ્ધતા પૂર્ણ કરી ન હતી. જિલ્લા ફોરમના અધ્યક્ષ ડી.બી. બીનૂ અને અન્ય સભ્યો રામચંદ્રન વી. તેમજ શ્રીવિદ્યા ટીએનએ આ મામલે સુનાવણી સાંભળી ૧૫ મેના રોજ આદેશ આપ્યો હતો કે, કેરળ મેટ્રિમોની તરફથી યોગ્ય સેવા આપવામાં આવી નથી. આ ફરિયાદી કેરળ મેટ્રિમોની વેબસાઈટના અન્ય પીડિતોમાંથી એક છે. ફરિયાદીએ પોતાનો પક્ષ રજૂ કરવા સોશિયલ મીડિયા મારફતે આ સાઈટ અંગેની પ્રતિક્રિયાઓ પણ એકત્રિત કરી હતી, જેથી તેનો કેસ વધુ મજબૂત બન્યો હતો. ગ્રાહક ફોરમે જણાવ્યું હતું કે, સામા પક્ષે જીવનસાથી શોધનારાને આકર્ષિત કરવા અનેક આકર્ષક બાબતો અને જાહેરાતો કરી છે, પરંતુ તે મુજબ સેવાઓ પ્રદાન કરવામાં નિષ્ફળ રહી છે. તેણે ફરિયાદીને આપવામાં આવેલા વચનોમાંથી કોઈપણ વચનનું પાલન કર્યું હોય તેવા કોઈ પુરાવા રજૂ કર્યા નથી, જેથી તે દોષિત ઠરે છે. અહીંના ચેરથલાના રહેવાસીએ મે ૨૦૧૯માં ગ્રાહક ફોરમમાં આ ફરિયાદ કરી હતી. તેણે આરોપ મૂક્યો હતો કે 'મેં ૨૦૧૮ની શરૂઆતમાં કેરળ મેટ્રિમોની સાઈટ પર મારો બાયોડેટા રજિસ્ટર્ડ કરાવ્યો હતો, જેના ભાગરૂપે કેરળ મેટ્રિમોનીના પ્રતિનિધિઓએ તેમના ઘર અને ઓફિસની મુલાકાત પણ લીધી હતી. અને ત્રણ મહિનાના સબસ્ક્રિપ્શન માટે રૂ. ૪,૧૦૦ ચૂકવવા કહ્યું હતું, જેથી તેઓ સંભવિત કન્યા સાથે લગ્ન મિલાપ કરાવી શકે.'

ફરિયાદીએ જણાવ્યું હતું કે 'જાન્યુઆરી ૨૦૧૯માં આ ફી ચૂકવ્યા બાદ મેં સાઈટ પર કોલ કરીને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. અંતે નિરાશ થઈને મેં ગ્રાહક ફોરમ કોર્ટમાં ફરિયાદ કરીને ફી પરત માંગી હતી.' ત્યાર પછી કન્ઝ્યુમર કોર્ટ સમક્ષ કેરળ મેટ્રિમોનીને દલીલ કરી હતી કે, ફરિયાદીએ કલાસિક પેકેજ અંતર્ગત રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે મોટા ભાગે પ્રોફાઈલ્સ જોવા અને સંપર્ક કરવાની મંજૂરી આપે છે. કેરળ મેટ્રિમોનીએ એવી પણ દલીલ કરી હતી કે 'અમારી ભૂમિકા મધ્યસ્થીની છે, જે સિસ્ટમ પર સંભવિત મેળ-મિલાપ અંગે જાણકારી આપવા સુધી સીમિત હતી. અમારી વેબસાઈટ પર કોઈપણ પ્રકારની માહિતી ગ્રાહકો દ્વારા આપોઆપ અપલોડ થાય છે. કેરળ મેટ્રિમોની ગ્રાહકોને માત્ર આ માહિતી ઉપલબ્ધ કરાવે છે. તે સિવાય અમારી કોઈ ભૂમિકા નથી.' જો કે કંપની આ મામલે પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહી હતી.

# ભાજપ સરકારનો શાળા પ્રવેશોત્સવ કરવામાં આવશે

## સરકાર આ વખતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો પણ શાળા પ્રવેશોત્સવ કરાવશે

ગાંધીનગર તા. ૨૦

પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ જીતુ વાઘાણીએ શિક્ષકોની ભરતી માટે કરેલી જાહેરાત બાદ અત્યાર સુધી કેટલા શિક્ષકોની ભરતી થઈ તેનો જવાબ પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલ પાસે નથી. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા વિવિધ ઉત્સવો કરવામાં આવી રહયા છે. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ કરાશે. જેમાં આ વખતે પહેલી વખત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓનો પણ શાળા પ્રવેશોત્સવ કરશે. જો કે ડ્રોપ આઉટ રેશિયો ઘટયો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. પરંતુ શિક્ષકોની ભરતી કેટલી થઈ તે બાબતે પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે મૌન સેવી લીધું હતું.

# T20 વર્લ્ડ કપની સુપર ૮ મેચ માટે ભારતીય ટીમે પરસેવો પાડ્યો

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય ક્રિકેટ ટીમે T20 વર્લ્ડ કપની સુપર-૮ મેચ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં ટીમ દ્વારા પ્રેક્ટિસ સેશનની કેટલીક તસવીરો પણ શેર કરવામાં આવી છે.

ભારતીય ટીમ ગ્રુપ સ્ટેજમાં ત્રણ મેચ જીતીને સુપર-૮માં પહોંચી ગઈ છે, તેમજ ભારતની છેલ્લી લીગ મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

ભારતીય ટીમે તેની તમામ ગ્રુપ લીગ સ્ટેજની મેચ અમેરિકામાં રમી હતી, જયારે આગામી મેચ વેસ્ટ ઈન્ડિઝમાં રમવાની છે. બીસીસીઆઈ દ્વારા પોસ્ટ કટેલા એક વીડિયોમાં ખેલાડીઓ બાર્બાડોસમાં બીચ વોલીબોલ રમતા દેખાયા હતા.

ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ના સુપર-૮ તબક્કામાં પોતાની પ્રથમ મેચ અફઘાનિસ્તાન સામે રમશે. ભારતીય ટીમે રોહિત શર્માની આગેવાનીમાં આયર્લેન્ડ, પાકિસ્તાન અને અમેરિકાને હરાવીને સતત ત્રણ મેચ જીતી છે. જયારે કેનેડા સામેની મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ તબક્કામાં ત્રણ મેચ રમશે. ભારતીય ટીમ સુપર ૮ના ગ્રુપ ૧માં રાખવામાં આવી છે. ભારત પ્રથમ મેચ ૨૦ જૂને અફઘાનિસ્તાન સામે, જયારે બીજી મેચ ૨૨ જૂને બાંગ્લાદેશ સામે અને ત્રીજી મેચ ૨૪ જૂને ઓસ્ટ્રેલિયા સામે રમશે. ઓસ્ટ્રેલિયાએ લીગ તબક્કાની તેની તમામ મેચો જીતી છે, જયારે અફઘાનિસ્તાને ત્રણ મેચ જીતી છે. ભારતીય ટીમ : રોહિત શર્મા (કેપ્ટન), હાર્દિક પંડ્યા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, ઋષભ પંત, સંજુ સેમસન, શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ સિરાજ.

# ટાટ ૧ અને ટાટ- ૨ ના ઉમેદવારો માટે સારા સમાચાર

## સરકાર કરશે ૭૫૦૦ શિક્ષકોની ભરતી, આગામી ત્રણ મહિનામાં પૂર્ણ થશે ભરતી પ્રક્રિયા

ગાંધીનગર તા. ૨૦

ગુજરાતમાં ટેટ પાસ અને ટાટ પાસ ઉમેદવારોને કાયમી શિક્ષકોની ભરતી કરવા મામલે છેલ્લા ઘણા સમયથી આંદોલન શરૂ થઈ રહ્યું છે. જો કે છેલ્લા બે દિવસથી આંદોલનકારીઓની આક્રમકતા જોતા જ રાજય સરકારે તાત્કાલિક ધોરણે ટેટ પાસ ઉમેદવારો માટે મહત્વનો નિર્ણય કર્યો છે અને આગામી ત્રણ મહિનામાં ૭૫૦૦ શિક્ષકોની ભરતી કરશે તેવી સત્તાવાર જાહેરાત સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા કરવામાં આવી છે.

# જ્ઞાન સાધના શિષ્યવૃતિ પરીક્ષામાં ઉનામાં પ્રથમ



ઊના તા. ૨૦

ઊના શહેરમાં સરવાવ સીમમાં આવેલ સરકારી સીમ શાળામાં ધોરણ ૮માં અભ્યાસ કરતી કુ.શીતલબેન ગોવિંદભાઈ પરમારે રાજય પરીક્ષા બોર્ડ ગુજરાત દ્વારા લેવાયેલ જ્ઞાન સાધના શિષ્યવૃત્તિ પરીક્ષા આપેલ હતી. તેમાં ૧૨૦ માંથી ૧૦૨ ગુણ મેળવી ઊના તાલુકામાં પ્રથમ અને ગીર સોમનાથ જિલ્લામાં ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કર્યુ હતું તેમજ નેશનલ મિન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS)ની પરીક્ષા આપી હતી. જેમાં ૧૮૦માંથી ૧૪૮ ગુણ મેળવી ઊના તાલુકામાં પ્રથમ અને જિલ્લામાં ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. આ સફળતા બદલ શાળાના આચર્યા અને સ્ટાફે કુ.શિતલબેનને અભિનંદન આપલ હતા.

# ઉનાના પાલડી ગામની સીમમાં ઓરડીમાં ઘુસી ગયેલ દિપડાનું રેસ્કયુ કરાયું



ઊના તા. ૨૦

ઊના તાલુકાના વાડી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી દીપડાનાં આંટા ફેરા વધી ગયા છે. પાલતુ પશુ અને પ્રાણી ઉપર હુમલા વધી ગયા છે. જેમાં ઊના તાલુકાના પાલડી ગામની સીમ વાડી ધરાવતા દેવસીભાઈ રાભાભાઈ સોલંકીની વાડીના રૂમમાં પશુ માટે ઘાસ ભરેલ હોય જેનો દરવાજો ખુલ્લો હોય જેમાં એક પુખ્ત વયનો દીપડો ઘાસના ઢગલા પાછળ બેઠી ગયો હતો. દેવશીભાઈ ઘાસ લેવા રૂમમાં જતા દીપડો બેઠો હોય અને ઘુરકિયા કરતા બીજા રૂમનો દરવાજો બહારજથી બંધ કરી વન વિભાગને જાણ કરતા વન વિભાગની રેસ્ક્યું ટીમ આવેલ અને કલાકાની મહેનત બાદ દીપડો ના પકડતા બેભાન કરવાનાં ઈન્જેકશન વાળી ગનથી દીપડાને બેભાન કરી અને પકડી પાંજરે પુરી તેમને જશાધાર ગીર વન વિભાગના એનિમલ કેર સેન્ટરમાં લઈ ગયેલ હતા. આમ દિપડો પકડાઈ જતાં ગામ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# જૂનાગઢ પોસ્ટ વિભાગની તા.૨૮ જુનના રોજ ડાક અદાલત યોજાશે

જૂનાગઢ તા.૨૦

અધિક્ષક ડાકઘર, જૂનાગઢ વિભાગની યાદીમાં જણાવેલ છે કે, તા.૨૮-૬-૨૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જૂનાગઢ વિભાગની ડાક અદાલત યોજવામાં આવશે. આ ડાક અદાલતમાં નીતિ વિષયક નિયમો સિવાયની મુદાસર અને એકજ વિષયને લગતી ફરીયાદો પી.કે. પીલોજપરા, ફરીયાદ ઈન્સ્પેકટર, અધિક્ષક ડાકઘર કચેરી, જૂનાગઢને તા.૨૭ જુન સુધીમાં મળે તે રીતે મોકલી આપવાની રહેશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

### મદ્રાસ હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો

# જો એક પાર્ટનર પરિણીત હોય તો લિવ-ઈન માન્ય નથી

## કાયદાના અભાવના કારણે લિવ-ઈન પાર્ટનર અન્ય પક્ષની મિલકતના વારસા કે વારસાની માગ કરી શકે નહીં : હાઈકોર્ટ

મદ્રાસ, તા.૨૦

મદ્રાસ હાઈકોર્ટમાં તાજેતરમાં એક કેસની સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં મદ્રાસ કોર્ટે જણાવ્યુ હતું કે પરિણીત પુરુષ અને અપરિણીત મહિલા વચ્ચે લિવ-ઈન રિલેશનશિપ ''લગ્નની પ્રકૃતિ'' નથી. હાઈકોર્ટે કહ્યું કે કાયદાના અભાવના કારણે લિવ-ઈન પાર્ટનર અન્ય પક્ષની મિલકતના વારસા કે વારસાની માગ કરી શકે નહીં.

જસ્ટિસ આરએમટી ટીકા રમને એવા પુરૂષને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો, જેણે પરિણીત હોવા છતાં એક મહિલા સાથે લિવ-ઈન રિલેશનશિપમાં પ્રવેશ કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે લિવ-ઈન રિલેશનશિપ સમયે પણ પુરુષ અને તેની પત્ની વચ્ચે લગ્ન અસ્તિત્વમાં હોવાથી લિવ-ઈન રિલેશનશિપને લગ્ન તરીકે માની શકાય નહીં.

મદ્રાસ હાઈકોર્ટ અરજદાર જયચંદ્રનની અપીલ પર સુનાવણી કરી રહી હતી, જે માર્ગારેટ અરુલમોઝી સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હતા. આ સમય દરમિયાન જયચંદ્રને સ્ટેલા નામની મહિલા સાથે લગ્ન કર્યા હતા અને આ લગ્નથી તેમને ૫ બાળકો પણ હતા. જયચંદ્રને માર્ગારેટની તરફેણમાં સમાધાનની ડીડ તૈયાર કરી હતી. જે માર્ગારેટના મૃત્યુ પછી એકપક્ષીય રીતે રદ કરવામાં આવી હતી.



આ કેસ તે મિલકતના કબજા સાથે સંબંધિત હતો, જે અરુલમોઝીએ માર્ગારેટના નામે પતાવટ કરી હતી. ટ્રાયલ કોર્ટે શોધી કાઢ્યું હતું કે જયચંદ્રન અને માર્ગારેટના લગ્નને માન્ય લગ્નમાં રૂપાંતરિત કરવામાં આવ્યા ન હોવાથી, પ્રતિવાદી યેસુરંથિનમ, માર્ગારેટના પિતા, કબજાના ઓર્ડર માટે હકદાર હતા. આ રીતે કોર્ટે જયચંદ્રનને મિલકતનો કબજો સોંપવાનો નિર્દેશ આપ્યો હતો. આ પછી જયચંદ્રને ટ્રાયલ કોર્ટના આ નિર્ણય સામે અપીલ દાખલ કરી હતી. અપીલ પર, અરજદાર જયચંદ્રને દલીલ કરી હતી કે તેણે તેની પ્રથમ પત્ની સ્ટેલાને પરંપરાગત માધ્યમથી છૂટાછેડા આપ્યા હતા, ત્યારબાદ તેણે માર્ગારેટ સાથે અફેર શરૂ કર્યુ હતું. તેણે એ પણ જણાવ્યું કે તેણે માર્ગારેટની સુરક્ષા માટે તેની તરફેણમાં સમાધાન ડીડ કર્યું હતું.

તેમણે દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટે ધ્યાન આપ્યું નથી કે માર્ગારેટે તેમના સર્વિસ રેકોર્ડમાં પેન્શન અને અન્ય સેવા લાભો માટે જયચંદ્રનનું નામ તેમના પતિ તરીકે આપ્યું હતું. જયચંદ્રને જણાવ્યું હતું કે માર્ગારેટના મૃત્યુ પછી, તેને તેના પતિ તરીકે ગણવામાં આવવી જોઈતી હતી અને ટ્રાયલ કોર્ટે તેની સાથે માત્ર હયાત સંબંધી તરીકે સારવાર કરવામાં ભૂલ કરી હતી.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે હિન્દુ મેરેજ એક્ટ હેઠળ, જે જાતિ પ્રથાને પણ માન્યતા આપે છે, ભારતીય છૂટાછેડા અધિનિયમ આવી કોઈપણ પ્રણાલી અથવા છૂટાછેડાના કોઈપણ રૂઢિગત સ્વરૂપને માન્યતા આપતો નથી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે કોઈપણ પરંપરાગત છૂટાછેડાની માન્યતાની ગેરહાજરીમાં, તે જયચંદ્રનની દલીલને સ્વીકારી શકે નહીં કે, તેણે તેની પત્ની સ્ટેલાને રિવાજ પ્રમાણે છૂટાછેડા આપ્યા હતા.

કોર્ટે કહ્યું કે છૂટાછેડાના કોઈ પુરાવાના અભાવમાં જયચંદ્રન અને માર્ગારેટ વચ્ચેના સંબંધો પતિ-પત્નીનો કાનૂની દરજ્જો મેળવી શકતા નથી. અદાલતે એવી પણ દલીલ કરી હતી કે ભારતીય ક્રિશ્ચિયન મેરેજ એક્ટમાં એક પત્નીત્વના સિદ્ધાંતને માન્યતા આપવામાં આવી છે, જે મુજબ તેમના પ્રથમ લગ્ન અસ્તિત્વમાં હતા. આ દરમિયાન મદ્રાસ હાઈકોર્ટે કહ્યું કે તેનો અર્થ એ નથી કે જયચંદ્રન કાયદાકીય વારસદાર છે. આ પ્રકારની નોમિનેશન માત્ર સ્વ-ઘોષણા છે તે નોંધીને, કોર્ટે ઠરાવ્યું હતું કે માત્ર આવી વિગતોના કારણે જ માર્ગારેટને જયચંદ્રનની કાયદેસર રીતે પરિણીત પત્ની હોવાનું કહી શકાય નહીં. અરજદાર કાયદાની ગેરહાજરીમાં મિલકતના વારસા કે વારસાની માગ કરી શકે નહીં અને હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો અને અપીલને ફગાવી દીધી.

### કંપનીએ આ બાબતે માફી માંગી

# ઓનલાઈન મંગાવેલ વસ્તુના બોક્સમાંથી નીકળ્યો કોબ્રા સાપ

## Amazon નું બોક્સ ખોલતા પતિ પત્નીના હોશ ઉડી ગયા

બેંગલુરૂ, તા.૨૦

ઓનલાઈન શોપિંગની સૌથી મોટી સમસ્યા એ છે કે કેટલીકવાર આવી વસ્તુઓ ગ્રાહક સુધી પહોંચાડવામાં આવે છે, જે તેમની સમસ્યાઓમાં વધારો કરે છે. બેંગલુરુમાં એક ગ્રાહકે અમેઝોનમાંથી મંગાવાયેલા સામાનનું પેકેટ ખોલતા તેમાંથી કોબ્રા સાપ નીકળ્યો હતો. વાસ્તવમાં પતિ-પત્નીએ Xbox કંટ્રોલરનો ઓર્ડર આપ્યો હતો. આ પાર્સલનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. વીડિયોમાં જોઈ શકાય છે કે પેકેટની અંદર એક સાપ છે.

વિડિયો શેર કરતી વખતે કપલ્સે જણાવ્યું કે જ્યારે તેમણે અમેઝોન કસ્ટમર કેર સાથે આ ઘટના વિશે વાત કરી તો તેમને બે કલાક માટે હોલ્ડ પર રાખવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ પત્નીનું નામ તન્વી છે. તે બેંગલુરુના સરજાપુર રોડની રહેવાસી છે. બેંગલુરુમાં એક મહિલા અમેઝોનમાંથી કેટલીક વસ્તુઓ ઓર્ડર કરી હતી પરંતુ જ્યારે તેને ઓર્ડર મળ્યો ત્યારે તેમાં એક જીવતો સાપ નીકળ્યો હતો. મહિલાએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને કહ્યું કે જ્યારે તેણે અમેઝોન હેલ્પમાં આ અંગે ફરિયાદ કરી તો તેને બે કલાક હોલ્ડ પર રાખવામાં આવ્યા. ત્યારબાદ મહિલાએ હાર માની લીધી હતી. કસ્ટમરની ફરિયાદ પર અમેઝોને માફી પણ માંગી હતી. કંપનીના કસ્ટમર કેરે લખ્યું હતું કે "અમેઝોન ઓર્ડરથી તમને થયેલી અસુવિધા વિશે સાંભળીને અમે દિલગીર છીએ. અમે ઈચ્છીએ છીએ કે તેની તપાસ કરવામાં આવે. કૃપા કરીને શક્ય તેટલી વહેલી તકે જરૂરી વસ્તુઓ અમને મોકલો. અને અમારી ટીમ ટૂંક સમયમાં તમારો સંપર્ક કરશે. નોંધનીય છે કે અમેઝોને સમગ્ર પૈસા પરત કરી દીધા છે. દરમિયાન સાપને સલામત સ્થળે છોડી દેવામાં આવ્યો હતો

# આજે જૂનાગઢ મનપાનું છેલ્લુ જનરલ બોર્ડ મળ્યું : ખાધુ- પીધું અને રાજ કર્યુ !!!

## વિપક્ષોએ પાંચ વર્ષની કાર્યવાહીનો હિસાબ માંગ્યો

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ મહાનગરપાલિકાની વર્તમાન બોડીની મુદત આગામી ૩૧જુલાઈએ સમાપ્ત થઈ રહી છે તે પહેલા આજે જૂનાગઢ મનપાનું છેલ્લુ જનરલ બોર્ડ મળ્યુ હતું. જેમાં રાબેતા મુજબ વિવિધ મુદા પર ચર્ચા થઈ હતી. જો કે, જૂનાગઢ મનપાની હાલની બોડીએ જૂનાગઢની જનતાને ત્રાસ સિવાય કંઈ આપ્યું નથી. શહેરની જનતાને પ્રાથમિક સુવિધાઓ જેવી કે, રોડ-રસ્તા, પાણી, ગટરનાં મામલે પણ વર્તમાન બોડી નિષ્ફળ પુરવાર થઈ છે. છેલ્લા ત્રણ વર્ષથી નવા રોડ રસ્તા બનાવવાની કાર્યવાહીનાં વચનો માત્ર ઠાલા વચનો પુરવાર થયા છે. ગત વર્ષે ચોમાસામાં જે જળ હોનારત સર્જાઈ હતી તેમજ હાલમાં ફાયર એનઓસી તેમજ બીયુ સર્ટીફીકેટ મામલે પણ જે રીતે મનપાનું તંત્ર કામ કરવામાં ઉણું ઉતર્યુ છે ત્યારે આગામી સમયમાં યોજાનારી ચૂંટણીમાં પ્રજા તેનો હિસાબ - કિતાબ કરશે તે નિશ્ચિત છે. સરવાળે છેલ્લા પાંચ વર્ષમાં જૂનાગઢ મનપાનાં ચુંટાયેલા પ્રતિનિધિઓએ ખાધુ-પીધું અને રાજ કર્યુ હોવાની પ્રતિતિ થઈ છે. એક રીતે વર્તમાન બોડી અત્યાર સુધીની નિષ્ફળ, નકામી બોડી હોવાનું પુરવાર થઈ છે. દરમ્યાન વિપક્ષ કોંગ્રેસનાં કોર્પોરેટર મંજુલાબેન પરસાણાએ ભાજપનાં સત્તાધિશો પર આકરા પ્રહારો કરતા છેલ્લા પાંચ વર્ષની કાર્યવાહીનો હિસાબ માંગતા એક તબકકે ભારે હોબાળો મચી ગયો હતો. મંજુલાબેન પરસાણાએ ભાજપનાં સત્તાધિશો સંપૂર્ણ નિષ્ફળ રહયા હોવાનો આક્ષેપ કર્યો હતો.

# ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિત પાંચ આરોપીઓનાં જામીન અંગે આવતીકાલે વધુ સુનાવણી થશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ એનએસયુઆઈના પ્રમુખ સંજય સોલંકીના અપહરણ, હત્યાના પ્રયાસ, એટ્રોસિટીના મામલે ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિત ૧૧ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. આ મામલે તમામ આરોપીઓની ધરપકડ કરાયા બાદ ગણેશ સહિત પાંચ આરોપીઓ દ્વારા જામીન પર છુટવા માટે જૂનાગઢ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. જેની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જો કે, પોલીસ તરફથી સોંગદનામું રજૂ ન થતા જામીન અરજીનો નિર્ણય હવે ૨૧ જૂને થશે.

તો બીજી તરફ ગણેશ જાડેજા સહિતના ૮ આરોપીઓની ધરપકડ બાદ ૧૪ દિવસ પૂર્ણ થતા નિયમ મુજબ તમામને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ અંગે ફરિયાદીના વકીલ દિનેશ પાતરે જણાવ્યું હતું કે, ૩૦ તારીખે ફરિયાદી સંજય સોલંકીનું અપહરણ કર્યા બાદ તેને માર મારવામાં આવ્યો હતો અને નગ્ન કરી વીડિયો બનાવવામાં આવ્યો હતો. જે મામલે કોર્ટના નિયમ મુજબ ગણેશ જાડેજા સહિત ૮ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. મુખ્ય આરોપી ગણેશ ઉર્ફે જ્યોતિરાદિત્ય સિંહ જાડેજા, જયપાલસિંહ જાડેજા, ઈન્દ્રજીતસિંહ, દિગપાલસિંહ, પૃથ્વીરાજ સિંહ એમ કુલ પાંચ આરોપીઓ દ્વારા જામીન અરજી કરવામાં આવી હતી. ત્યારે ફરિયાદી તરફી સોગંદનામુ રજૂ કરવા માટે મુદત રિપોર્ટ અને વકીલાતનામું રજૂ કરેલ છે. કોર્ટના નિયમ મુજબ દર ૧૪ દિવસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરવાના હોય છે જેને લઈ ગણેશ સહિત ૮ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.જૂનાગઢ જેલમાં બંધ મુખ્ય આરોપી ગોંડલના ધારાસભ્યના પુત્ર જ્યોતિરાદીપસિંહ ઉર્ફે ગણેશ જયરાજસિંહ જાડેજા, દિગપાલસિંહ કેસરીસિંહ જાડેજા, જયપાલસિંહ ઉર્ફે જે. કે. રાણા ક્રિપાલસિંહ રાણા, ઈન્દ્રજીતસિંહ દાદુભા જાડેજા અને પૃથ્વીરાજસિંહ રહેવતુભા જાડેજા સહિત ૫ આરોપીએ ૧૫ જૂનના રોજ જૂનાગઢ સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. જેના પગલે આરોપીઓને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ બુધવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આરોપીઓની જામીન અરજીની વધુ સુનાવણી આગામી તા.૨૧ જૂનના રોજ રાખવામાં આવી હતી.

# જૂનાગઢ જીલ્લામાં ૨૭ જુન આસપાસ વાવણીલાયક વરસાદની શકયતા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

ગુજરાતના દક્ષિણ વિસ્તાર સિવાય સૌરાષ્ટ્ર કચ્છ અને સોરઠમાં વરસાદ ખેંચાતા ધરતીપુત્ર સહિત લોકોમાં ચિંતાના વાદળો છવાઈ ગયા છે. અત્યારે નૈઋત્ય ચોમાસુ દક્ષિણ ગુજરાતમાં નવસારી વિસ્તારમાં સ્થિર થયું છે પણ અહીંથી હાલ આગળ વધવાની શક્યતા નહીવત છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હવામાન વિભાગના ધીમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે, હજુ એક અઠવાડિયું વાવણી લાયક વરસાદની સંભાવના નથી. ૨૦ જૂનથી દરિયાઈ વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે. પરંતુ નૈઋત્ય ચોમાસુ આગામી તા.૨૭ જૂનથી નવસારીથી આગળ વધશે અને જેના પગલે સૌરાષ્ટ્ર, સોરઠમાં મેઘરાજાની જમાવટ થશે. અત્યારના સંજોગો અને સ્થિતિએ ખેડૂતોએ વાવણી કરવી હિતાવહ નથી. હજુ ૮ દિવસ પછી વાવણી લાયક વરસાદ પડનાર છે તેવુ હવામાન વિભાગે જણાવેલ છ. બુધવારે પણ જૂનાગઢ સહિત સોરઠમાં આકાશ વાદળછાયું રહ્યું હતું. સવારે શહેરમાં હળવા વરસાદનું ઝાપટું વરસતા રસ્તા ભીના થઈ ગયા હતા. જેના પગલે સવારના લઘુતમ તાપમાન ઘટીને ૨૭.૮ ડિગ્રી નોંધાયું હતું. તમે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૫ ટકાએ પહોંચી ગયું હતું. જ્યારે બપોરે મંગળવારની સરખામણીએ મહત્તમ તાપમાનમાં પારો ઉપર ચડીને ૩૮.૫ ડિગ્રીએ સ્થિર થયો હતો. વાતાવરણમાં ભેજ૫૧ ટકા યથાવત રહ્યો હતો. જેના પરિણામે આખો દિવસ બફારોનો સામનો કરવો પડ્યો હતો. દિવસ દરમ્યાન પવનની પ્રતિ કલાકની ઝડપ ૧૦.૩ કિલોમીટરની રહી હતી.

# કારનો સોદો કરી રૂા. ૧.૫૫ લાખની છેતરપિંડીની બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

દ્વારકાના વતની અને હાલ તાલાલામાં રહેતા જયેશભાઈ બાબુભાઈ ઘેડિયા હરીપુર ગામે આવેલ સોમનાથ ફાર્મર રસોયા તરીકે કામ કરતા હતા ત્યારે તેમના ફાર્મની બાજુમાં આવેલ રેસ્ટોરન્ટ એન્ડ ફાર્મ હાઉસ સંભાળતા સુરતના ભરતભાઈ પટેલ અને તેના પાર્ટનર નગીચાણા ગામના જગદીશભાઈ નંદાણીયા સાથે ઓળખાણ થઈ હતી.

તા.૧૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ જગદીશભાઈ નંદાણીયાએ જયેશભાઈની રૂપિયા ૧.૫૫ લાખની જીજે ૦૯ બીએ ૪૪૨૬ નંબરની કારનો સોદો કરીને લઈ ગયા હતા અને ભરતભાઈ પટેલે રૂપિયા અપાવી દેવાની જવાબદારી લીધી હતી. આજ દિન સુધી બંનેએ કારના રૂપિયા નહીં આપી છેતરપિંડી, વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ જયેશ ઘેડીયાએ કરતા મેંદરડા પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.





